અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ ઓક્ટોબર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૦૭ | અંક : ૧૧૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### 30 ઓક્ટોબરથી 10 નવેમ્બર સુધી સરહદે એરસ્પેસ બંધ, સમુદ્રમાં જહાજો, રણમાં ટેન્કો પાક.ને શક્તિનો પરચો કરાવશે

# પાકિસ્તાન સરહદે ભારતનું ઓપરેશન ત્રિશૂળ : રફાલ, ટેન્કો, જહાજો તૈનાત

## ગુજરાત-રાજસ્થાનની પાક. સરહદ સૈન્ય, એરફોર્સ, નેવીનો યુદ્ધાભ્યાસ

| (એજન્સી) નવી દિલ્હી, તા.27 |

પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદૂરની સફળતા વચ્ચે સરહદે ભારતે ઓપરેશન ત્રિશૂળ હાથ ધર્યું છે. આ ઓપરેશન ત્રિશૂળ ભારતીય સૈન્યનો યુદ્ધાભ્યાસ છે જે ૧૦ નવેમ્બર સુધી ચાલશે. આ યુદ્ધાભ્યાસ પાકિસ્તાન સાથેની પશ્ચિમી સરહદે શરૂ કરાયો છે. આ યુદ્ધાભ્યાસમાં નેવી, એરફોર્સ અને સૈન્ય ત્રણેય દળ સામેલ થવાના હોવાથી તેને ત્રિશૂળ નામ અપાયું છે. આ અભ્યાસ સર ક્રીક-સિંધ-કરાચી કેન્દ્રીત રહેશે. હાલમાં ગુજરાત અને રાજસ્થાનના કેટલાક સરહદ પાસેના વિસ્તારોમાં એરસ્પેસ આ અભ્યાસ માટે બંધ કરી દેવામાં આવી છે.



સંરક્ષણમંત્રી રાજનાથસિંહે થોડા દિવસ પહેલા જ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું હતું કે જો સર ક્રીક સેક્ટર પર નજર કરી છે તો આક્રામક જવાબ આપવામાં આવશે. આ ચેતવણી વચ્ચે જ હવે સર ક્રીક આસપાસ યુદ્ધાભ્યાસની તૈયારી ચાલી રહી છે. જેને ધ્યાનમાં રાખીને નોટિસ ટુ એરમેન નોટામ જારી કરવામાં આવ્યું છે અને રાજસ્થાન તેમજ ગુજરાત સરહદ આસપાસની એરસ્પેસને ૩૦ ઓક્ટોબરથી ૧૦ નવેમ્બર સુધી ટાળવા સુચના અપાઈ છે.

બીજી તરફ પાકિસ્તાને પણ ૨૮થી ૨૯મી ઓક્ટોબર સુધી પોતાની મધ્ય અને દક્ષિણ વિસ્તારની એરસ્પેસ બંધ કરી દીધી છે. પાકિસ્તાન પણ કોઈ યુદ્ધાભ્યાસની તૈયારીમાં હોવાના અહેવાલો છે. આ યુદ્ધાભ્યાસમાં સૈન્યના ટેંક, રફાલ વિમાન, નેવી શિપ્સ વગેરેને પાકિસ્તાન સરહદે તૈનાત કરી દીધા છે. મુખ્ય યુદ્ધ ટેંક હોવિત્ઝર, હથિયારધારી હેલિકોપ્ટરો, મિસાઈલ સિસ્ટમ તૈનાત કરવામાં આવી છે. ત્રિનેત્ર ડ્રિલ કરવામાં આવશે. રફાલ અને સુખોઈ વગેરેની મદદથી એરફોર્સ અભ્યાસ કરશે. નેવી દ્વારા ગુજરાતના દરમિયાન કિનારે મોટી સંખ્યામાં તૈનાતી કરવામાં આવી છે. આ ત્રણેય દળો દ્વારા સંયુક્ત રીતે આ યુદ્ધાભ્યાસ કરાશે જેમાં ગુજરાતના સમુદ્રી વિસ્તારથી લઈને રાજસ્થાનના રણ પ્રદેશનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### પાકિસ્તાન સરહદ પર 30,000 સૈનિકો તૈનાત કરવામાં આવશે

રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન સરહદ પર 12 દિવસ સુધી ચાલનારી અત્યાર સુધીની સૌથી મોટી લશ્કરી કવાયત. રણમાં આર્મી, એરફોર્સ અને નેવીના 30,000 સૈનિકો સંયુક્ત કવાયત કરશે. આ કવાયત 30 ઓક્ટોબરથી શરૂ થશે અને 10 નવેમ્બર સુધી ચાલુ રહેશે. આ કવાયત દરમિયાન, સરહદ પરના કેટલાક વિસ્તારોમાં વાણિજ્યિક ફ્લાઇટ્સના રૂટ પણ બદલવામાં આવી શકે છે. આ કવાયત જેસલમેર વિસ્તારથી ગુજરાતના સર ક્રીક પ્રદેશ સુધી થશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે તાજેતરમાં ગુજરાતની મુલાકાત દરમિયાન સર ક્રીક સરહદ વિવાદ પર ચર્ચા કરી હતી. આ ચેતવણી વેસ્ટર્ન એર કોરિડોરમાં ફ્લાઇટ્સ માટે જારી કરવામાં આવી છે, અને આ સમયગાળા દરમિયાન આ વિસ્તારમાં કોમર્શિયલ ફ્લાઇટ્સનો રૂટ બદલી શકાય છે.

### ત્રણેય સેનાઓ નવી ટેકનોલોજી અને યુદ્ધ પ્રણાલીઓનું પરીક્ષણ કરશે

ત્રણેય સેનાઓ એકીકૃત કામગીરી, ઊંડા પ્રહારો અને બહુ-ક્ષેત્ર યુદ્ધનું સંકલન અને અભ્યાસ કરશે. આ સમયગાળા દરમિયાન, ભારતીય સેના અનેક નવા સ્વદેશી શસ્ત્રો અને હાઈ-ટેક સિસ્ટમ્સનું પણ પરીક્ષણ કરશે. આમાં T-90S અને અર્જુન ટેન્ક, હોવિત્ઝર, અપાચે એટેક હેલિકોપ્ટર અને હેવી-લિફ્ટ હેલિકોપ્ટરનો સમાવેશ થશે. આ કવાયત જેસલમેરથી શરૂ થશે અને કચ્છ સુધી વિસ્તરશે. કચ્છ સમુદ્રની નજીક છે, તેથી વાયુસેના અને નૌકાદળના વિશેષ વિમાનો આ વિસ્તારમાં કાર્યરત રહેશે.

### રખડતાં શ્વાન મામલે સુપ્રીમ કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવોને હાજર થવા આપ્યા આદેશ

| (એજન્સી) નવી દિલ્હી, તા.27 |

દેશભરમાં રખડતાં શ્વાન મામલે રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર દ્વારા સોગંદનામું દાખલ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આદેશ આપ્યા બાદ પણ શ્વાન કરડી જવાની અનેક ઘટનાઓ બની રહી છે, વિદેશમાં પણ દેશની છબિ ખરાબ થઈ રહી છે. તેમ છતાં રાજ્યોએ અનુપાલનનું સોગંદનામું રજૂ કર્યુ નથી. કોર્ટે રાજ્યોના મુખ્ય સચિવને આ અંગે જાણ કરી ત્રણ નવેમ્બર સુધી જવાબ આપવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે ઑગસ્ટમાં દેશભરના રખડતાં શ્વાનને પકડી, તેમનું ખસીકરણ કરી છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો. તેના અનુપાલન માટે રાજ્ય અને કેન્દ્રશાસિત સરકારને સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 22 ઑગસ્ટના આદેશ અનુસાર માત્ર 3 અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા છે. જેમાં પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને દિલ્હી સામેલ છે. જો કે, અન્યોએ અમારા આદેશનું પાલન કર્યું નથી. તેમણે હાજર થવું પડશે. કારણકે, ત્રણ મહિના થયા હોવા છતાં અનુપાલનના સોગંદનામા દાખલ કર્યા નથી. તેમણે આવીને સ્પષ્ટતા આપવી પડશે. તેમણે સોંગદનામું રજૂ કરવું પડશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી એનસીઆર સાથે જોડાયેલા રખડતાં શ્વાન મામલે 22 ઑગસ્ટના ચુકાદો આપતાં તેનો અમલ રાજ્યભરમાં કરવા કહ્યું હતું. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ આદેશના અમલ પર સોગંદનામું દાખલ કરવા કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સિવાય અન્ય રાજ્યો પાસેથી કોઈ જવાબ કે પ્રતિક્રિયા ન મળતા નારાજગી વ્યક્ત કરી હતી.

# મોનથા વાવાઝોડાએ રૌદ્ર રૂપ ધારણ કર્યું, 100 કિમીની ઝડપે ફૂંકાશે પવન, રેડ ઍલર્ટ જાહેર

| (એજન્સી) ચેન્નાઈ, તા.27 |

બંગાળની ખાડીમાં વિકસિત થઈ રહેલા ચક્રવાત 'મોનથા'એ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. IMD મુજબ, આ ચક્રવાતી વાવાઝોડું (હાલની ગતિ 90-100 kmph) આગામી 24 કલાકમાં ગંભીર ચક્રવાતી તોફાન બની શકે છે, જે 28 ઑક્ટોબરની સાંજે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. તેની અસરથી ચેન્નાઈમાં હળવા ઝાપટાં શરુ થઈ ગયા છે, જે ધીમે ધીમે તીવ્ર બની શકે છે. IMD અનુસાર, મોનથા ચક્રવાતી તોફાનને કારણે આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ અને તમિલનાડુમાં 27થી 30 ઑક્ટોબર સુધી ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ચક્રવાતની તીવ્રતા વધવાની સંભાવનાને કારણે ભારતીય સેના હાઈ ઍલર્ટ પર છે.

28-29 ઑક્ટોબરના રોજ ઓડિશા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના હોવાથી IMDએ રેડ ઍલર્ટ જાહેર કર્યું છે. 110 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાને કારણે વૃક્ષો ઉખડી જવાનો અને પૂરનો ખતરો છે, તેથી માછીમારોને 29 ઑક્ટોબર સુધી સમુદ્રમાં ન જવાની સલાહ અપાઈ છે. આંધ્રના 9 જિલ્લામાં રેડ ઍલર્ટ છે, જ્યારે તમિલનાડુ અને ઓડિશાના બાકીના વિસ્તારોમાં ઑરેન્જ ઍલર્ટ લાગુ કરાયું છે. પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદનું અનુમાન છે.

રાજ્યોએ તૈયારીઓ શરુ કરી દીધી છે. આંધ્ર પ્રદેશમાં કાકીનાડા અને કોનાસિમાના 34 ગામોમાંથી 6000થી વધુ લોકોને (જેમાં 428 ગર્ભવતી મહિલાઓ સહિત) સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. વિશાખાપટ્ટનમ, અનાકાપલ્લે અને વેસ્ટ ગોદાવરીમાં 27-28 ઑક્ટોબરના રોજ શાળાઓ બંધ રહેશે. ઓડિશાના મલકાનગિરિ, કોરાપુટ સહિત 8 દક્ષિણી જિલ્લાઓને રેડ ઝોન જાહેર કરાયા છે અને ત્યાં વાવાઝોડા આશ્રયસ્થાનો બનાવાયા છે. NDRF અને SDRF ટીમો તૈનાત છે, વિભાગના લોકોની રજાઓ રદ થઈ છે અને જળાશયોમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે.




બંગાળની ખાડી ઉપર બનેલું હવાનું હળવું દબાણનું ક્ષેત્ર મજબૂત બન્યું છે અને ધીમે ધીમે પૂર્વ કિનારા તરફ આગળ વધી રહ્યું છે. IMD અનુસાર, આ ચક્રવાતી તોફાન 28 ઑક્ટોબરની સવાર સુધીમાં ગંભીર ચક્રવાતી તોફાનમાં બદલાઈ જવાની સંભાવના છે. હવામાન વિભાગે જણાવ્યું કે 28 ઑક્ટોબરની રાત્રે 100 કિમી/કલાકની ઝડપે પવન સાથે આ ગંભીર ચક્રવાત આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાને પાર કરે તેવી સંભાવના છે. મોનથા વાવાઝોડાના કારણે આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢ અને તમિલનાડુમાં 27થી 30 ઑક્ટોબર સુધી ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે અને ભારતીય સેના હાઈ ઍલર્ટ પર છે.

ચેન્નાઈથી 600 કિમી પૂર્વ-દક્ષિણપૂર્વ, કાકીનાડા(આંધ્ર)થી 680 કિમી દક્ષિણ-દક્ષિણપૂર્વ, વિશાખાપટ્ટનમથી 710 કિમી દૂર, પોર્ટ બ્લેયરથી 790 કિમી પશ્ચિમ, ગોપાલપુર(ઓડિશા)થી 850 કિમી દક્ષિણમાં હાલ વાવાઝોડાની અસર જોવા મળી રહી છે.

તમિલનાડુમાં, આંધ્ર પ્રદેશમાં કાકીનાડા, વિશાખાપટ્ટનમ, મછલીપટ્ટનમ, પુડુચેરી અને ઓડિશાના દરિયાકાંઠે ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ રાજ્યોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. IMD એ કોઝિકોડ, કન્નૂર અને કાસરગોડમાં આજે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે, જ્યારે આલપ્પુઝા, એર્નાકુલમ, ઈડુક્કી, ત્રિસૂર, પલક્કડ, મલપ્પુરમ અને વાયનાડ માટે યલો ઍલર્ટ જાહેર છે. આ સાથે જ, માછીમારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ 29 ઑક્ટોબર સુધી તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, પુડુચેરી અને ઓડિશાના દરિયાકાંઠાની સાથે-સાથે દક્ષિણ-પશ્ચિમ અને મધ્ય બંગાળની ખાડીમાં ન જાય.

ઓડિશા સરકારે રવિવારથી સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતર કરવાનું શરુ કરી દીધું છે અને આઠ જિલ્લાઓમાં 128 NDRF ટીમો તૈનાત કરી છે. વાવાઝોડું આંધ્રમાં ટકરાશે, પરંતુ ઓડિશાના 15 જિલ્લાઓ પ્રભાવિત થશે. મલકાનગિરિ, કોરાપુટ સહિત આઠ જિલ્લાઓમાં ખૂબ જ ભારે વરસાદ અને તેજ પવનો માટે 'રેડ ઍલર્ટ' જાહેર કરાયું છે. આ જિલ્લાઓમાં કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે અને 30 ઑક્ટોબર સુધી તમામ સરકારી શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ રહેશે.

## બિહારમાં ચૂંટણી પહેલા NDAના બે દિગ્ગજોની અદાવતનો અંત? ચિરાગના ઘરે પહોંચ્યા નીતિશ કુમાર

| (એજન્સી) પટના તા.27 |

બિહારમાં વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ(NDA)ના બે દિગ્ગજ નેતાઓ, મુખ્યમંત્રી નીતિશ કુમાર અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન વચ્ચેની કથિત અદાવતનો અંત આવ્યો હોય તેવા રાજકીય સંકેતો મળી રહ્યા છે. લોક આસ્થાનો મહાપર્વ છઠ બિહારમાં રાજકીય સંબંધોને મધુર બનાવવાનો પ્રસંગ બન્યો છે.

છઠ પર્વના બીજા દિવસે, જેને 'ખરના પૂજા' કહેવાય છે, તે પ્રસંગે મુખ્યમંત્રી નીતિશ



કુમાર રવિવારે (26મી ઑક્ટોબર) સાંજે અચાનક કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનના પટણા સ્થિત નિવાસસ્થાને પ્રસાદ લેવા પહોંચ્યા હતા, જેનાથી બધા રાજકીય નિરીક્ષકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

મુખ્યમંત્રી નીતિશ કુમારના આગમન સાથે જ ચિરાગ પાસવાન તેમનું સ્વાગત કરવા માટે ઘરની બહાર આવ્યા હતા. મુખ્યમંત્રી કારમાંથી બહાર નીકળતાંની સાથે જ ચિરાગ પાસવાને નમન કરીને આદર સાથે તેમના પગ સ્પર્શ કર્યા. તેના આ આદરણીય વર્તન પર પ્રતિક્રિયા આપતાં, મુખ્યમંત્રી નીતિશ કુમારે હળવાશથી કહ્યું, 'શું સાહેબ... હું હમણાં જ તમને મળવા આવ્યો છું.' બંને નેતાઓ વચ્ચેની આ વાતચીતની રાજકીય વર્તુળોમાં વ્યાપક ચર્ચા થઈ રહી છે.

## બિહાર ચૂંટણીમાં રીલ્સ મુદ્દે ભાજપ-કોંગ્રેસ સામસામે! રાહુલ ગાંધીનો જૂના વીડિયો શેર કરી PM મોદી પર કટાક્ષ.....

| (એજન્સી) પટના તા.27 |

બિહાર ચૂંટણીમાં, NDA 4G અને સસ્તા ડેટાને ડિજિટલ ઈન્ડિયાની સિદ્ધિ ગણાવીને લાભ લેવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે વિપક્ષ સરકારને ઘેરી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ પોતાના પ્રચારની શરુઆતમાં કહ્યું કે, 1 GB ડેટાની કિંમત એક કપ ચા કરતાં પણ ઓછી છે, જેને કારણે બિહારના યુવાનો રીલ દ્વારા કમાણી કરીને તેમની ક્રિએટિવિટી વિશ્વને બતાવી રહ્યા છે. ત્યારે બિહાર કોંગ્રેસે તેમને આના પર ઘેરી લીધા છે. બિહાર કોંગ્રેસે પોતાના X એકાઉન્ટ પર રાહુલ ગાંધીના રીલને લઈને વિચારો શેર કરીને કેપ્શન આપ્યું, 'અંતર સ્પષ્ટ છે' અને યુઝર્સને સવાલ કર્યો કે રીલના મુદ્દા પર કોણ સાચા છે? બિહાર કોંગ્રેસ દ્વારા શેર કરાયેલા જૂના વીડિયોમાં રાહુલ ગાંધીએ યુવાનો પર આકરી ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'આજના યુવાનો રોજ 7-8 કલાક રીલ જુએ છે અને મિત્રોને મોકલે છે, જ્યારે અંબાણી અને અદાણીના દીકરાઓ વીડિયો જોતા નથી, તેઓ પૈસા ગણવામાં વ્યસ્ત રહે છે.' આ રીતે, પીએમ મોદી દ્વારા રીલ ટ્રેન્ડ અને સસ્તા ડેટાની પ્રશંસા સામે, રાહુલ ગાંધીની આ ટિપ્પણી, જે યુવાનોના 7-8 કલાક બરબાદ કરનારા ટ્રેન્ડને બતાવે છે, તેણે ઓનલાઈન વિશેષાધિકાર, અવસર અને ભારતીય યુવાનોની દિશા પર ચર્ચા જગાવી છે.


પીએમ મોદીના નિવેદન પર જન સુરાજ સંસ્થાના પ્રશાંત કિશોરે કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ બે દિવસ પહેલા બિહારમાં કહ્યું હતું.




# SMSથી મળી જશે તમામ માહિતી : તમારા પોલીસ કેસ માટે વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની હવે જરૂર નથી...

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

ફરિયાદીને પોતાના કેસની પ્રગતિ અંગેના અપડેટ્સ ઘરે બેઠા SMS મારફતે આપવામાં આવી રહ્યા છે. રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે હવે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર લગાવવા પડતા નથી. I-PRAGATI સિસ્ટમ નાગરિકોને તેમની ફરિયાદની સ્થિતિ વિશે સીધી માહિતી આપીને પોલીસ પ્રત્યે વિશ્વાસ વધારે છે.



રાજ્યના નાગરિકોને પોતાના પોલીસ કેસ સંદર્ભે થયેલી પ્રગતિના અપડેટ મેળવવા માટે વારંવાર પોલીસ સ્ટેશનના ચક્કર ન લગાવવા પડે તેવા ઉદ્દેશ્ય સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે મે-૨૦૨૫માં I-PRAGATI (Intelligent Progress Reporting and Grievance Addressing through Technology Initiative) પહેલ શરૂ કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ અને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં શરૂ થયેલી આ પહેલનો મુખ્ય હેતુ પોલીસ ફરિયાદ નોંધાવનારા નાગરિકોને તેમના કેસની પ્રગતિ વિશે ફરિયાદીના મોબાઈલ પર જ SMS મારફતે પારદર્શક અને સમયસર માહિતી પૂરી પાડવાનો છે. I-PRAGATI પહેલ અંતર્ગત શરૂ કરવામાં આવેલી આ સિસ્ટમ ફરિયાદીને ઓટોમેટિક જીસ્જી અપડેટ મોકલે છે, જેનાથી નાગરિકોને વારંવાર પોલીસ સ્ટેશન જવાની જરૂર રહેતી નથી.

આ પહેલ શરૂ કરી ત્યારથી એટલે કે તા.૧૪ મે, ૨૦૨૫ અત્યાર સુધી, I-PRAGATI એ નાગરિકોને લાખોની સંખ્યામાં SMS મારફતે અપડેટ્સ મોકલી છે, જેમાં FIR દાખલ થઈ ગયા અંગે SMS, પંચનામા SMS, નોટિસ અંગે, આરોપીના જામીન અંગે, આરોપી ધરપકડ અંગે, મુદ્દામાલ રિકવર અંગે અને ચાર્જશીટ થયા અંગે જીસ્જી મોકલી નાગરિકોને સમયસર તેમના કેસ અંગે અપડેટ આપવામાં આવ્યા છે. આ પહેલથી કાયદાકીય પ્રક્રિયા વધુ પારદર્શક અને સુલભ બની છે. આ પહેલથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ કેસની પ્રગતિ વિશે પૂછપરછ કરતા નાગરિકોના પ્રશ્નોનો જવાબ આપવામાં લાગતા સમયનો બચાવ કરી શકે છે અને તેમનું ધ્યાન કેસની તપાસ પર કેન્દ્રિત કરી શકે છે.

### લાભપાંચમે ભાજપમાં મોટું રાજીનામું પડ્યું

# છોટાઉદેપુરના યુવા નેતા આમ આદમી પાર્ટીમાં જશે

## તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાએ ઈન્સ્ટાગ્રામ પર રાજીનામું પોસ્ટ કરતા ખળભળાટ મચ્યો

।(એજન્સી) છોટાઉદેપુર, તા. ૨૭।

છોટાઉદેપુર જિલ્લામાં ભાજપને મોટો ઝટકો મળ્યો છે. તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાએ ઈન્સ્ટાગ્રામ પર રાજીનામું પોસ્ટ કરતા ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક સંગઠન અને વહીવટી કારણ આપીને તેમણે રાજીનામું ધર્યું છે. છોટાઉદેપુર ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાની ઈન્સ્ટાગ્રામમાં પોસ્ટથી ખળભળાટ મચી ગયો છે. ભાજપમાંથી રાજીનામું આપવાની પોસ્ટ કરી છે. રાજીનામાનું કારણ સ્થાનિક સંગઠન અને વહીવટના કારણે રાજીનામું પોસ્ટથી ચર્ચા જાગી છે. તેમણે લખ્યુ કે, હું સ્થાનિક આદિવાસી વિસ્તારની ગુલામી કરીશ, પરંતુ બહારની એજન્સીઓની ગુલામી નહિ કરું. આમ, છોટાઉદેપુર ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ રાઠવાઈ ભાજપમાંથી રાજીનામુ આપવાની વાત કરી છે. આગામી દિવસોમાં ધારાસભ્ય ચૈતર વસાવાના હાથે કેસ ધારણ કરી આમ આદમી પાર્ટીમાં ૭ હજાર કાર્યકરો સાથે જોડાવાની પણ વાત કરી. છોટાઉદેપુરના ભાજપના તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ રાજેશ વીરસીંગ રાઠવાએ ભાજપમાંથી રાજીનામુ આપવાની વાત કરી છે. સાથે જ કહ્યું કે, સ્થાનિક ભાજપ સંગઠન અને સ્થાનીક વહીવટથી કંટાળીને ભાજપ માંથી રાજીનામું આપી રહ્યાં છે. તેમના સાથી ૭ કાર્યકરો સાથે આમ આદમી પાર્ટીમાં તેઓ જોડાશે. આગામી દિવસોમા ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના હાથે કેસ ધારણ કરી આમ આદમી પાર્ટીમાં જોડાશે.

# અમદાવાદના ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર કોઠ પોલીસ સ્ટેશનના વેજણકા ગામ બ્રિજ નજીક અકસ્માત સર્જાયો છે. ડાયવર્ઝન પર રાખેલા પથ્થરને કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક અકસ્માતમાં ૨ પુરુષ અને ૧ મહિલાનું ઘટનાસ્થળે મોત નિપજ્યું છે. આ અકસ્માતમાં અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. કારમાં સવાર પરિવાર સુરતથી ભાવનગર તરફ જઈ રહ્યો હતો.

આ અકસ્માતમાં અન્ય બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં એક ૧૭ વર્ષીય સગીરા અને એક પુરુષ ઈજાગ્રસ્ત થતાં ફેદરા અને પીપળી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક ભાવનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર, આ ગમખ્વાર અકસ્માત ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર વેજલકા ગામ નજીક સર્જાયો હતો. કાર પૂરપાટ ઝડપે આવી રહી હતી અને રોડ બંધ હોવાને કારણે વચ્ચે મૂકાયેલા સિમેન્ટના બેરિકેડ સાથે જોરદાર ટકરાઈ હતી. ટક્કર એટલી ભયંકર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર ત્રણ વ્યક્તિઓ, જેમાં એક પુરુષ અને બે મહિલાનો સમાવેશ થાય છે, તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

### હવામાન વિભાગની ચેતવણી

# આજથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારે વરસાદ

## અમદાવાદ-સુરત-રેલ્વે-બસ સ્ટેન્ડ પર ભારે ભીડ ઉમટી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

હવામાન વિભાગે આજે અનેક જિલ્લાઓ માટે નાવકાસ્ટ બુલેટિન જાહેર કર્યું છે. જેમાં ભારે પવન સાથે અમરેલી ગીર સોમનાથ અને દીવમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. અમરેલી, ગીર સોમનાથ અને, દીવમાં વરસાદને લઈને રેડ અલર્ટ છે. તો જુનાગઢ, ભાવનગર,ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદર અને નગર હવેલીમાં મધ્યમ વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ,ખેડા, મહીસાગરમાં, હળવા વરસાદ સાથે યેલો અલર્ટ જાહેર કરાયું.

રાજ્યના મોટાભાગમાં જિલ્લાઓમાં ૨૪ કલાકથી કમોસમી વરસાદ ખાબક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સૌથી વધુ નવસારી તાલુકામાં ૬.૧૮ ઈંચ, ઉમરગામ તાલુકામાં ૩.૬૬ ઈંચ, ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકામાં ૩.૫૪ ઈંચ, ખેરગામમાં ૨.૮૭ ઈંચ તો જલાલપોરમાં ૨.૭૨ ઈંચ વરસાદ રહ્યો. ૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ કમોસમી વરસાદ વરસ્યો છે. ૭ તાલુકામાં દોઢ ઈંચથી વધુ કમોસમી વરસાદ નોંધાયો. ૯ તાલુકામાં ૧ ઈંચથી વધુ કમોસમી વરસાદ નોંધાયો.

હવામાન નિષ્ણાતે આગાહી કરી છે કે, આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં કમોસમી વરસાદની શક્યતા છે. બંગાળના ઉપસાગરની સિસ્ટમ અને અરબી સમુદ્રમાં લો પ્રેશર સિસ્ટમના કારણે અને ઉત્તર ભારતમાં આવતા પશ્ચિમની વિક્ષેપના કારણે વરસાદની શક્યતા છે. જેમાં નવસારી, સુરત, ભરૂચ, વલસાડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. તો કેટલાક ભાગોમાં પૂર આવે તેવા વરસાદની શક્યતા જેમાં વલસાડ, નવસારી, સુરત અને ભરૂચના ભાગમાં ભારેથી અતિભારે આગાહી છે. નવેમ્બર માસના શરૂઆતમાં પણ દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા છે. બીજા સપ્તાહમાં પણ અતિ ભારે વરસાદની શક્યતા છે, જેના કારણે ગુજરાતના હવામાનમાં પણ પલટો આવશે. બંગાળ ઉપસાગરમાં પણ નવેમ્બરની શરૂઆતમાં વાવાઝોડું બનવાની શક્યતા છે. આમ ફરી બંગાળ ઉપસાગર અને અરબી સમુદ્ર સક્રિય થવાની શક્યતા છે. દક્ષિણ ચીનમાં ચક્રવાત બનવાની શક્યતા રહેતા તેના અવશેષો બંગાળના ઉપસાગરમાં આવતા બંગાળ ઉપસાગર ફરી સક્રિય થઈ શકે છે. ૭ નવેમ્બર બાદ દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતા જેના કારણે ગુજરાતમાં પણ વાતાવરણમાં પલટો આવી શકે છે. ૧૮ નવેમ્બર બાદ બંગાળ ઉપસાગરમાં ફરી એક વાર ચક્રવાત થવાની શક્યતા છે. જેના કારણે ૧૫મી ડિસેમ્બર સુધીમાં માવઠાની આગાહી છે.

# એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન બન્યા શંકર ચૌધરી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨૭ ।

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન તરીકે શંકર ચૌધરીની વરણી થઈ છે. તો વાઈસ ચેરમેન તરીકે ભાવાભાઈ રબારીની વરણી કરાઈ છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં આ વરણી કરાઈ છે. ત્યારે શંકર ચૌધરી સતત ત્રીજી ટર્મમાં બનાસ ડેરીના ચેરમેન બન્યા છે. આ સાથે જ શંકર ચૌધરીનો બનાસ ડેરી પર દબદબો જોવા મળ્યો છે .

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીમાં ચેરમેનની આજે વરણી કરાઈ હતી. બનાસ ડેરીની બોર્ડ મિટિંગ બાદ ડેરીના નવા ચેરમેનની વરણી કરાઈ હતી. જેમાં સતત ત્રીજી ટર્મમાં બનાસ ડેરીમાં ચેરમેન પદે શંકર ચૌધરીની પસંદગી કરાઈ. આમ, લાભ પાંચમના પવિત્ર દિવસે બનાસ ડેરીને નવા ચેરમેન મળ્યા છે. ચેરમેનની વરણીની ચર્ચાઓને લઈ પશુપાલકોમાં ઉત્સુકતા જોવા મળી હતી.

ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આવેલી બનાસ ડેરી એ દૂધના ઉત્પાદનમાં એશિયાની મોટામાં મોટી ડેરી છે. તેની સ્થાપના ઈ.સ. ૧૯૬૯ માં ગુજરાત સહકારી મંડળી ના કાયદા ૧૯૬૧ મુજબ રાષ્ટ્રીય ડેરી વિકાસ નિગમની સહાયતાથી ઓપરેશન ફલડ હેઠળ થઈ હતી. બનાસ ડેરીની સ્થાપનામાં ગલબાભાઈ નાનજીભાઈ પટેલ નો મુખ્ય ફાળો હતો.

બનાસ ડેરી અમૂલ, સાગર અને બનાસ નામો હેઠળ ઉત્પાદનો કરે છે. જેમાં અમુલ દૂધ, અમુલ માખણ, અમુલ ઘી, સાગર ઘી, અમુલ્યા પાવડર, સાગર ચા અને કોફી વ્હાઈટનર, અમુલ શક્તિ પાવડર, અમુલ આઈસક્રીમ, પેંડા, ચા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, આણંદ દ્વારા બજારમાં મૂકાય છે. બનાસ ડેરી ૧.૮ લાખ જેટલાં શેરધારકો ધરાવે છે. જે ૧૨૦૦ જેટલાં ગામોમાં સહકારી દૂધ મંડળીઓમાં વ્યાપેલા છે. હાલમાં બનાસ ડેરીના ચેરમેર તરીકે રાજ્યના પૂર્વ મંત્રી અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી કાર્યરત છે. જેઓના વિઝનરી નેતૃત્વના કારણે હાલમાં બનાસ ડેરીનો ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે અને એકથી એક પ્રોજેક્ટ પણ સાકાર થઈને પશુપાલકો અને તેના શેરધારકોને વ્યાપક ફાયદો કરાવી રહ્યા છે.

# અરબી સમુદ્રમાં ઉનાની સૂરજ સલામતી નામની બોટ ડૂબી

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૭ ।

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને સ્નેહના તહેવાર ભાસૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં હળવાથી ભારે વરસાદ વરસી રહ્યો છે. બીજી તરફ, હવામાન વિભાગે રાજ્યમાં ૪ દિવસ ભારેથી અતિભારે કમોસમી વરસાદની આગાહી કરી છે. તેવામાં પંચમહાલ, છોટા ઉદેપુર, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદી માહોલ છે. પવન સાથે વરસાદી સ્થિતિના કારણે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશનના પગલે ગીર સોમનાથમાં દરિયો તોફાની બન્યો છે. જેમાં અરબી સમુદ્રમાં ઉનાની સૂરજ સલામતી નામની બોટ ડૂબી હોવાનું સામે આવ્યું છે. અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય થયું છે, ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયામાં તેની અસર વર્તાઈ રહી છે. જેને લઈને રાજ્યમાં પવન સાથે ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. આ દરમિયાન અરબી સમુદ્રમાં ઉનાના નવાબંદર ગામની બોટ ડૂબી હોવાનું સામે આવ્યું છે. દરિયામાં ભારે કરંટના કારણે મોજા અથડાતા ૧૩ નોટિકલ માઈલ સૂરજ સલામતી નામની બોટ ડૂબી છે.

# પાટીદાર સમાજના કાર્યક્રમમાં જયેશ રાદડિયાનો બળાપો

। (એજન્સી) મહીસાગર, તા.૨૭ ।

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે પાટીદાર સેવા સમાજ દ્વારા ખાનપુર ૪૨ લેઉવા પાટીદાર સમાજ સ્નેહમિલન સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જયેશ રાદડિયાએ કહ્યું કે, સમાજના આગેવાનોનો હાથ ખેંચો પગ નહીં... મહીસાગરમાં આયોજિત પાટિદાર સમાજમાં જયેશ રાદડિયાએ કહ્યું કે, સમાજને એક થવા અને સંગઠિત થવા હાકલ કરવી ન પડે. સૌથી મોટી કમનસીબી છે કે, આવડા મોટા સમાજને આટલા વર્ષો બાદ પણ બીજા સરદાર નથી મળ્યા. આગામી સમયમાં જ્યાં પણ જરૂર જણાશે ત્યાં હું સમાજ સાથે રહીશ.

તેમણે વધુમાં જણાવ્યું કે, સમાજના લોકોને જરૂર પડે ત્યાં મદદરૂપ થાય, અત્યારે તો જેવો કોઈ આગેવાન આગળ આવે તો એના પગ ખેંચીને પાડે. ગુજરાતના પાટિદારો એક થાય તે માટે દરેક આગેવાનોએ પ્રયાસ કર્યા છે.

## વિશેષ

### દીકરીના પ્રેમ સંબંધને લઈને માતા બની હેવાન

# સગી જનેતાએ દીકરા સાથે મળી ૨૨ વર્ષીય દીકરીને મોતને ઘાટ ઉતારી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

સાંભળીને જ હૃદયમાં કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. જેમાં પ્રેમ સંબંધના કારણે એક ૨૨ વર્ષીય યુવતીની હત્યા કરી દેવામાં આવી છે. જેમાં હત્યારાઓ બીજા કોઈ નહીં પરંતુ યુવતીની સગી જનેતા અને ભાઈએ મળીને યુવતીને મોતને ઘાટ ઉતારી દીધી છે. યુવતીની નિર્મમ રીતે હત્યા કરી તેના મૃતદેહનો નજીકના ચેકડેમમાં નિકાલ કરી નાખ્યો હતો. જોકે પિતાએ દીકરી ગુમ થયા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં સમગ્ર ઘટનાનો પર્દાફાસ થયો હતો. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ભાવનગર શહેર નજીક આવેલું અને જિલ્લાના ઘોઘા તાલુકાના ભીકડા ગામે રહેતા અને ટ્રક ડ્રાઈવર તરીકે વ્યવસાય કરતા હિંમતભાઈ હરજીભાઈ સરવૈયા નોકરી પરથી ઘરે આવતા તેણે પોતાની ૨૨ વર્ષીય દીકરીને ઘરે નહીં જોતા પતિને દયાબેનને દીકરી અંગે પૂછપરછ કરી હતી. જેના જવાબમાં માતા દયાબેને કહ્યું હતું કે દીકરી પારૂલ ઘરની પાછળ આવેલા ચેકડેમ પાસે કુદરતી હાજતે ગઈ છે, જે બાદ મોડે સુધી દીકરી પરત નહીં ફરતા પિતાએ શોધખોળ બાદ દિકરી પારૂલબેન ગુમ થયા અંગે વરતેજ પોલીસ મથકે જાણ કરી હતી. જેના બીજા દિવસે ભીકડા ગામ નજીક આવેલા ખાલી પડેલા ચેકડેમ પાસેથી ગુમ થયેલ પારૂલબેનનો લોહીલુહાણ હાલતે મૃતદેહ મળી આવતા તેના પિતાએ વરતેજ પોલીસને જાણ કરી હતી. જેથી વરતેજ પોલીસ કાફલો ઘટના સ્થળ



પર ધસી ગયો હતો, તપાસ દરમ્યાન યુવતીના શરીર પર ઈજાના નિશાન જોવા મળતા પોલીસે મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ આરંભી હતી. પીએમ રિપોર્ટમાં પણ યુવતી પારૂલબેનનું મોત ઈજાઓના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું, જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

ભીકડા ગામે રહેતી અને હિંમતભાઈ હરજીભાઈ સરવૈયાની ૨૨ વર્ષીય દીકરી પારૂલબેન સરવૈયા છેલ્લા એક વર્ષથી સિહોર ખાતે રહેતા વિવેક નામના યુવાનના પ્રેમમાં પડી હતી. ઈન્સ્ટાગ્રામ પર બંનેનો પરિચય થયો હતો, જે બાદ બંને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. મોડે સુધી ઈન્સ્ટાગ્રામ પર દીકરી પારૂલ વાતો કરતી હોય તેના ભાઈ પ્રકાશ સરવૈયા અને માતા દયાબેનને દીકરીના પ્રેમ સંબંધ અંગે જાણ થઈ જતા તેણે દીકરી પારૂલ ને સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા હતા. પરિણામે પારૂલ અને તેના પરિવાર વચ્ચે વારંવાર વાદ વિવાદ થતા હતા.

અનેકવાર સમજાવ્યા છતાં પારૂલ પોતાની વાત પર અડગ રહી હતી અને પ્રેમી સાથે જ લગ્ન કરવા માંગતી હતી. જેમાં તારીખ ૧૮ ઓક્ટોબરે દીકરી પારૂલબેન સિહોરના વિવેક સાથે વાત કરતા ઝડપાઈ ગઈ હતી. જેથી માતાપુત્રએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિવેક સાથે લગ્ન માટે પારૂલ અડગ રહેતા માતાપુત્ર ઉશ્કેરાઈ ગયા હતા. જે બાદ તેની માતા દયાબેને પારૂલબેનનું મોઢું દબાવી દીધું હતું, તે સમયે તેના ભાઈ પ્રકાશે તીક્ષ્ણ હથિયારના ગળા અને પેટના ભાગે ઘા ઝીંકી દઈ પારૂલબેનની હત્યા કરી દીધી હતી. જે બાદ તેના મૃતદેહને પ્લાસ્ટિકની તાડપત્રીમાં લપેટી ઘર પાછળ વાડામાં સંતાડી ઘરમાં પડેલા લોહીના ડાઘ ધોઈ નાખ્યા હતા. બીજા દિવસે વહેલી સવારે પારૂલબેનના મૃતદેહને ગામ નજીક આવેલા ખાલી પડેલા ચેકડેમમાં લઈ જઈ ફેંકી દઈ ગુન્હો છુપાવવા તાડપત્રી અને લોહીવાળા કપડાં પણ સળગાવી દીધા હતા.

પારૂલબેનનો મૃતદેહ ભીકડા નજીકના ખાલી પડેલા ચેકડેમ માંથી મળી આવ્યા બાદ પોલીસે કરાવેલા પેનલ પીએમ માં પારૂલ ની હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી, તપાસ દરમ્યાન પોલીસને પારૂલ અને વિવેક વચ્ચેના પ્રેમ સંબંધ અંગે જાણ થઈ હતી, જે બાબતે વિવેક ની પૂછપરછ કરી હતી, જેમાં પારૂલબેનની માતા અને ભાઈ લગ્ન માટે તૈયાર ના હોવા અંગે પોલીસને બાતમી મળી હતી, જે બાદ પોલીસે એફએસએલ અને ડોગ સ્કોર્ડની મદદ લઈ ગુન્હો ઉકેલવા પ્રયાસ શરૂ કર્યા હતા..

જેમાં પોલીસ વિભાગના બિન નામના શ્વાને હત્યારાઓ ને ઓળખી બતાવ્યા હતા, પોલીસ ડોગ ને સ્થળ પર લઈ ગઈ હતી, તેમજ આજુબાજુના પગમાર્કની ગંધ પારખી શ્વાને તેના ઘર ભણી દોટ લગાવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## દેશભરમાં SIRની તારીખોની થશે જાહેરાત




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારત ચૂંટણી પંચ (ECI) સોમવારે સાંજે એક પત્રકાર પરિષદ યોજીને દેશભરમાં મતદાર યાદીના ખાસ સઘન ફેરફાર (Special Intensive Modification - SIR)ની તારીખોની જાહેરાત કરશે. આ જાહેરાત સાંજે ૪:૧૫ વાગ્યે થશે, જેમાં મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશ કુમાર, ચૂંટણી આયુક્ત સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવશે.

સમાચાર એજન્સી PTIના રિપોર્ટ મુજબ, SIRના પ્રથમ તબક્કામાં ૧૦થી ૧૫ રાજ્યોને આવરી લેવામાં આવશે, જેમાં ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, તે રાજ્યોનો પણ સમાવેશ થશે. SIR એ મતદાર યાદીને અપડેટ અને શુદ્ધ કરવાની મહત્ત્વપૂર્ણ પ્રક્રિયા છે, જેમાં નવા મતદારોની નોંધણી, મૃત વ્યક્તિઓના નામ હટાવવા, ડુપ્લિકેટ એન્ટ્રીઓ દૂર કરવી અને સ્થળાંતર જેવાં કામોનો સમાવેશ થાય છે.

ભારત ચૂંટણી પંચની આ પહેલ ખાસ કરીને એવા રાજ્યો પર કેન્દ્રિત છે, જ્યાં ટૂંક સમયમાં ચૂંટણીઓ યોજાવાની છે, જેમ કે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ, આસામ અને પુડુચેરી. આ રાજ્યોમાં ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે અને મતદાર યાદીની શુદ્ધતા ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરશે.

પત્રકાર પરિષદમાં પ્રથમ તબક્કાનું વિગતવાર સમયપત્રક જાહેર કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તબક્કો એવા રાજ્યોથી શરૂ થશે, જ્યાં ચૂંટણીની તૈયારી સૌથી વધુ જરૂરી છે. તમિલનાડુમાં DMK અને AIADMKની વચ્ચે રસાકસીની ટક્કર છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ટીએમસીનું શાસન સામે BJP પડકારનો મુખ્ય મુદ્દો રહેશે. કેરળમાં LDF અને UDFની ટક્કર, આસામમાં BJPની મજબૂત પકડ અને પુડુચેરીમાં કોંગ્રેસ-દ્રમુક ગઠબંધનની ભૂમિકા પર નજર રહેશે.

## દિલ્હી યુનિવર્સિટીની વિદ્યાર્થિની પર એસિડ એટેક, ચહેરો બચ્યો

**પીડિતા કોલેજ જઈ રહી હતી ત્યારે એસિડ એટેકમાં પીડિતાનો ચહેરો બચી ગયો પરંતુ તેના હાથ બળી ગયા**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ઉત્તરપશ્ચિમ દિલ્હીમાં લક્ષ્મીબાઈ કોલેજ નજીક દિલ્હી યુનિવર્સિટીના સેકન્ડ યરની એક વિદ્યાર્થિની પર એસિડ એટેકની ઘટના સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલો કોલેજથી થોડા અંતરે થયો હતો જ્યારે પીડિતા કોલેજ જઈ રહી હતી. એસિડ એકેટમાં પીડિતાનો ચહેરો બચી ગયો પરંતુ તેના હાથ બળી ગયા હતા. નિવેદનના આધારે પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. વિદ્યાર્થિની પર જ્વલનશીલ પદાર્થ ફેંકવાની ઘટના સવારે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી. હુમલા બાદ હાજર લોકોએ પીડિતાનેતાત્કાલિક નજીકની હોસ્પિટલ ખસેડી હતી. હોસ્પિટલે જણાવ્યું હતું કે, પીડિતાને હાથમાં ઈજા થઈ છે અને તેની સારવાર કરવામાં આવી રહી છે.

દિલ્હી પોલીસ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે મુકુંદપુરની ૨૦ વર્ષીય યુવતી પર એસિડ એટેક થયો હોવાની માહિતી મળી હતી. પીડિતાએ જણાવ્યું હતું કે તે તેના ક્લાસ માટે અશોક વિહારની લક્ષ્મીબાઈ કોલેજ જઈ રહી હતી. જ્યારે તે કોલેજ જઈ રહી હતી, ત્યારે મુકુંદપુરનો રહેવાસી અને તેનો પરિચિત જીતેન્દ્ર તેના મિત્રો, ઈશાન અને અરમાન સાથે મોટરસાઈકલ પર આવ્યો હતો. એવો આરોપ છે કે ઈશાને અરમાનને એક બોટલ આપી હતી, જેણે યુવતી પર એસિડ ફેંક્યું હતું. પીડિતાએ તેનો ચહેરો ઢાંકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેના બંને હાથ બળી ગયા હતા. આરોપી ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. પીડિતાના જણાવ્યા મુજબ, જીતેન્દ્ર તેનો પીછો કરી રહ્યો હતો અને લગભગ એક મહિના પહેલા તેમની વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. ક્રાઈમ ટીમ અને FSL ટીમે ક્રાઈમ સીનનું નિરીક્ષણ કર્યું. પીડિતાના નિવેદન અને ઈજાઓના પ્રકારને આધારે કાયદાકીય કાર્યવાહી સંહિતા (CrPC) ની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.પોલીસની ઘણી ટીમો ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારની તપાસ કરી રહી છે.

### ૪૮ કલાકમાં મોન્થા બનશે તીવ્ર!

# વાવાઝોડાંને ધ્યાનમાં રાખીને ભારતીય સેના હાઈ એલર્ટ પર

**ઓડિશા સરકારે તમામ ૩૦ જિલ્લાઓને એલર્ટ આપ્યું છે તેમજ પ. બંગાળમાં વાવાઝોડાની અસર જોવા મળશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલા લૉ પ્રેશરને કારણે ચક્રવાતી વાવાઝોડું મોનથા પૂર્વી કિનારા તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુ આ ત્રણેય રાજ્યોમાં ભારે પવન અને ભારે વરસાદ પડી રહ્યો છે. ઓડિશા સરકારે તમામ ૩૦ જિલ્લાઓને એલર્ટ આપ્યું છે. તેમજ પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાની અસર જોવા મળશે. તો આંધ્રપ્રદેશ સરકારે મોનથા વાવાઝોડાના પગલે રાહત અને આવશ્યક પુરવઠા માટે એક કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે. સેનાની ટીમ પણ એલર્ટ મોડ પર છે. હવામાન વિભાગે માછીમારોને સમુદ્રમાંથી પરત આવી જવા અને દરિયા કિનારાથી દૂર રહેવા ચેતવણી આપી છે. આ વાવાઝોડાની અસર ૩૦ ઓક્ટોબર સુધી રહેશે. આંધ્રપ્રદેશ, ઓડિશા અને તમિલનાડુ ત્રણ રાજ્યોમાં જ નહીં, પરંતુ તમામ દરિયાકાંઠાના રાજ્યોમાં પણ વરસાદ અને ભારે પવન ફૂંકાવાની શક્યતા છે.



IMDએ ઓડિશાના અનેક દક્ષિણ અને દરિયાકાંઠાના જિલ્લાઓ માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જારી કર્યું છે. કેટલાક સ્થળોએ ૨૦ સેન્ટિમીટરથી વધુ વરસાદ પડવાની સંભાવના છે. ઓડિશાના મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી સુરેશ પૂજારીએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ ૩૦ જિલ્લાઓને એલર્ટ પર રાખવામાં આવ્યા છે, અને બચાવ રાહત કામગીરી માટે કર્મચારીઓ અને મશીનરી તૈયાર છે.

ઓડિશાના મંત્રીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ અને સપાટી પરના પવનના કારણે ઘણા વિસ્તારોને અસર કરે તેવી શક્યતાને ધ્યાનમાં લઈને જિલ્લા મેજિસ્ટ્રેટને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતર કરવા સૂચના આપી છે. તેમણે જણાવ્યું હતું કે, દરિયાકાંઠા અને દક્ષિણ પ્રદેશોના ૧૫ જિલ્લાઓ ચક્રવાતી વાવાઝોડાથી પ્રભાવિત થવાની સંભાવના છે. દરમિયાન, પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દક્ષિણ અને દરિયાકાંઠાના પ્રદેશોના આશરે સાત જિલ્લાઓએ સરકારી કર્મચારીઓની રજા રદ કરી છે.

ઝડપથી વધી રહેલા ચક્રવાતી વાવાઝોડા મોનથાને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. મધ્ય-પૂર્વીય અરબી સમુદ્ર અને દક્ષિણપૂર્વીય બંગાળની ખાડી પર વિકસિત થતી બે અલગ અલગ હવામાન પ્રણાલીઓ આગામી ૪૮ કલાકમાં ચક્રવાત મોનથામાં તીવ્ર બને તેવી શક્યતા છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA) અને સંબંધિત રાજ્ય સરકારો દ્વારા ચક્રવાતી વાવાઝોડાની સ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૨૪ કલાક દરમિયાન તે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની અને દક્ષિણપશ્ચિમ અને સંલગ્ન પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાય તેવી શક્યતા છે.

## કોણ બનશે દેશના આગામી CJI, ચીફ જસ્ટિસ ગવઈએ નામની કરી જાહેરાત

**ગવઈએ જાહેરાત કરી છે કે, આગામી CJI સુપ્રીમ કોર્ટમાં તેમના પછી સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત હશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતના વર્તમાન મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈ ૨૩ નવેમ્બરના રોજ તેમના પદ પરથી નિવૃત્ત થવાના છે. આવી સ્થિતિમાં આગામી મુખ્ય ન્યાયાધીશની પસંદગી કરવાની પ્રક્રિયા કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે. નિયમો અનુસાર, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ ન્યાયાધીશ પછી સૌથી વરિષ્ઠ ન્યાયાધીશને આ પદ મળે છે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ ભલામણ કરે છે. હવે, સીજેઆઈ બીઆર ગવઈએ પણ જાહેરાત કરી છે કે, આગામી CJI સુપ્રીમ કોર્ટમાં તેમના પછી સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત હશે.





સોમવારે CJI બીઆર ગવઈ કેન્દ્ર સરકારને આગામી CJI તરીકે જસ્ટિસ સૂર્યકાંતના નામની ભલામણ કરવાના છે. ભૂટાનની યાત્રા પર ગયેલા CJI ગવઈએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતા કહ્યું કે, તેમના કાર્યાલયને કેન્દ્ર સરકાર તરફથી આગામી CJI માટે ભલામણ માંગતો સંદેશ પ્રાપ્ત થયો છે. તેમણે કહ્યું, ''હું રવિવારે સાંજે દિલ્હી પહોંચીશ અને સોમવારે મારા જસ્ટિસ સૂર્યકાંતના નામની ભલામણ મારા ઉત્તરાધિકારી તરીકે કરીશ.''

જસ્ટિસ સૂર્યકાંતની વાત કરીએ તો તેઓ હાલમાં CJI ગવઈ પછી સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે. હરિયાણાના હિસારમાં એક મધ્યમ વર્ગ પરિવારમાં જન્મેલા જસ્ટિસ સૂર્યકાંતનું આખું બાળપણ સંયુક્ત પરિવારમાં વિતાવ્યું. તેમના પિતા શિક્ષક હતા. તેમણે મેટ્રિક સુધીનું શિક્ષણ તેમના ગામની સરકારી હાઈસ્કૂલમાં પૂર્ણ કર્યું.

ન્યાયાધીશ બનતા પહેલા કાંત એક વરિષ્ઠ વકીલ હતા અને હરિયાણાના એડવોકેટ જનરલ તરીકે સેવા આપી હતી. તેઓ રાંચીમાં નેશનલ યુનિવર્સિટી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના વિઝિટર પણ છે. આ ઉપરાંત તેઓ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટીના હોદ્દેદાર એક્ઝિક્યુટિવ ચેરમેન પણ છે. તેમણે ૧૯૮૧માં હિસારની સરકારી પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજમાંથી સ્નાતક થયા અને ત્યારબાદ ૧૯૮૪માં રોહતકની મહર્ષિ દયાનંદ યુનિવર્સિટીમાંથી કાયદાની ડિગ્રી મેળવી. તેમણે હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે પણ સેવા આપી છે. ૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ જસ્ટિસ સૂર્યકાંત આગામી સીજેઆઈ બનવા જઈ રહ્યા છે.

## પુષ્કર પશુ મેળામાં નગીના નામની ઘોડીનો દબદબો

**આ ઘોડીનું નામ નગીના છે અને તેની ઉંચાઈ ૬૩.૫ ઈંચ છે : આ ઘોડી અત્યારે માત્ર ૩૧ મહિનાની છે**

। (એજન્સી) પુષ્કર, તા.૨૭ ।

રાજસ્થાનમાં પુષ્કરમાં પશુ મેળામાં એક ઘોડી આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઘોડીનું નામ નગીના છે અને તેની ઉંચાઈ ૬૩.૫ ઈંચ છે. આ ઘોડી અત્યારે માત્ર ૩૧ મહિનાની છે, પરંતુ તેની કિંમત આખા મેળામાં ચર્ચાનો વિષય બન્યો છે. તેની કિંમત એક કરોડ રુપિયા હોવાનો અંદાજ છે. આ ઘોડી પંજાબના ભટિંડાથી આવી છે.



ઘોડીના માલિક ગૌરાવાઈએ કહ્યું કે, તે છેલ્લા ૧૫ વર્ષથી ભટિંડાથી પુષ્કર મેળામાં આવી રહ્યો છે. આ વખતે તે પુષ્કર મેળામાં ૩૦ ઘોડા લાવ્યો હતો. તે બધા ઉત્તમ જાતિના છે. નગીના ઘોડી મારવાડી નસ્લની છે.

નગીના નામની આ ઘોડી પંજાબમાં આંતરરાષ્ટ્રીય ઘોડા શોમાં પાંચ વખત વિજેતા રહી છે. તેની ઊંચાઈ ૬૩.૫ ઈંચ છે. ઘોડીનો દેખાવ દરેકનું ધ્યાન આકર્ષિત કરે છે. નગીના નામની આ ઘોડી માત્ર ૩૧ મહિનાની છે. આ ઘોડીની કિંમત ૫૫ લાખ રૂપિયા આંકવામાં આવી છે, પરંતુ તેના માલિક ગૌરવાઈ તેને આટલી ઓછી કિંમતે વેચવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે તેઓ તેને ૧ કરોડ રૂપિયાથી ઓછી કિંમતે નહીં વેચે. તેમને આશા છે કે, ટૂંક સમયમાં કોઈ ખરીદદાર મળશે.

ઘોડીના માલિક ગૌરાવાઈએ જણાવ્યું કે, નગીનાના પિતાનું પિતાનું નામ દિલબાગ છે અને તેના દાદાનું નામ કલા કાંતા છે. ગૌરાવાઈએ નગીનાના આહારનું પણ વર્ણન કર્યું. તેમણે જણાવ્યું કે નગીનાનો ખોરાક સંતુલિત છે, જેમાં ચણા, સોયાબીન, કેલ્શિયમ, વિટામિન, ઝીંક, તાંબુ અને અન્ય પોષક તત્વોનું બાફેલું મિશ્રણ હોય છે.

## ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન હશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

મહારાષ્ટ્રના ઐતિહાસિક શહેર ઔરંગાબાદનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરવામાં આવ્યા પછી હવે રેલવે દ્વારા આ બદલાવને સત્તાવાર રીતે અમલમાં મૂકવામાં આવ્યો છે. મધ્ય રેલવે દ્વારા શનિવારે જાહેરાત કરવામાં આવી કે, ઔરંગાબાદ રેલવે સ્ટેશનનું નામ હવે છત્રપતિ સંભાજીનગર રેલવે સ્ટેશન હશે. સ્ટેશનનો નવો કોડ 'CPSN' નક્કી કરવામાં આવ્યો છે. મધ્ય રેલવે અનુસાર, આ સ્ટેશન દક્ષિણ મધ્ય રેલવેના નાંદેડ ડિવિઝન હેઠળ આવે છે. રેલવેના જણાવ્યા મુજબ, નામ બદલવાની સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તમામ પ્લેટફોર્મ સૂચક, સમયપત્રક, ટિકિટિંગ સિસ્ટમ અને ડિજિટલ ડિસ્પ્લે બોર્ડ પર નવું નામ દેખાવા લાગશે.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતૃત્વવાળી મહાયુતિ સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરે આ સંદર્ભમાં ગજેટ સૂચના જારી કરવામાં આવી હતી. આ સાથે જ ઔરંગાબાદ સ્ટેશનનું નામ બદલવાની સત્તાવાર પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ નિર્ણય છત્રપતિ સંભાજી મહારાજની સ્મૃતિમાં લેવામાં આવ્યો છે, જે મરાઠા સામ્રાજ્યના બીજા છત્રપતિ હતા અને તેમની વીરતા માટે પ્રસિદ્ધ હતા. રાજ્ય સરકારે પહેલાથી જ ૨૦૨૨માં ઔરંગાબાદ શહેરનું નામ બદલવાની મંજૂરી આપી હતી, પરંતુ રેલવે સ્ટેશનોના નામ બદલવાની પ્રક્રિયામાં કેન્દ્રિય મંત્રાલયોની મંજૂરી અને અનેક વહીવટી ઔપચારિકતાઓ પૂર્ણ કરવી પડતી હતી. હવે આ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

**સરકારે બદલ્યું ૩૫ વર્ષ જૂના રેલવે સ્ટેશનનું નામ**






**ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ સરકાર દ્વારા ૧૫ ઓક્ટોબરે આ સંદર્ભમાં ગજેટ સૂચના જારી કરવામાં આવી હતી**

ઈતિહાસ અને મહત્વ-ઔરંગાબાદ રેલવે સ્ટેશનની શરૂઆત વર્ષ ૧૯૦૦માં થઈ હતી, જ્યારે હૈદરાબાદના સાતમા નિઝામ મીર ઉસ્માન અલી ખાનના શાસનકાળમાં અહીં રેલવે સેવા શરૂ કરવામાં આવી હતી. ત્યારથી આ સ્ટેશન મરાઠવાડા ક્ષેત્ર માટે એક મુખ્ય યાત્રિક કેન્દ્ર બની રહ્યું છે. છત્રપતિ સંભાજીનગર આજે પણ એક લોકપ્રિય પર્યટન સ્થળ છે. આ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળો અજંતા અને ઈલોરાની ગુફાઓ સાથે, બીબી કા મકબરા, દૌલતાબાદ કિલ્લો અને પંચક્કી જેવા ઐતિહાસિક સ્થળો માટે પ્રસિદ્ધ છે. નામ બદલ્યા પછી શહેર અને સ્ટેશન બંનેની ઓળખ હવે મરાઠા ગૌરવ સાથે વધુ મજબૂત થવા જઈ રહી છે.

રાજકીય અને સાંસ્કૃતિક સંદેશ-આ નામ બદલાવને સાંસ્કૃતિક ઓળખ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે. ભાજપ અને મહાયુતિ સરકાર તેને ''ઈતિહાસને મરાઠા સન્માન સાથે જોડવા'' દિશામાં મોટું પગલું ગણાવી રહી છે. જ્યારે વિપક્ષોનું કહેવું છે કે આવા બદલાવ પ્રતીકાત્મક છે અને સ્થાનિક વિકાસ પર વધુ ધ્યાન આપવું જોઈએ.

## તંત્રી લેખ...

# સોના ચાંદી પછી હવે નવા વર્ષમાં કોપરમાં રેકોર્ડ તેજીના સંકેતો

દેશમાં તથા વિશ્વ બજારમાં તાજેતરમાં સોના તથા ચાંદીના ભાવમાં જોવા મળેલી રેકોર્ડ તેજીના પગલે અન્ય કિંમતી ધાતુઓના ભાવ ઉફરાંત કોપર સહિતની વિવિધ ઈન્ડસ્ટ્રીયલ મેટલ્સના ભાવ પણ ઉછળતા જોવા મળ્યા હતા. ખાસ કરીને ચાંદી તથા કોપરનો સંબંધ વિશેષ રહ્યો છે કારણ કે કોપરના ઘણા પ્રોસેસમાં બાય પ્રોડકટ તરીકે ચાંદી પણ મેળવવામાં આવતી હોય છે. વૈશ્વિક સ્તરે ઈન્ડસ્ટ્રીયલ મેટલ્સની બજારોમાં કોપર અંકાતી ગણાય છે. કોપરના ભાવમાં થતી ઉછળકુદની અસર અન્ય ઈન્ડસ્ટ્રીયલ મેટલ્સના ભાવ પર પણ દેખાતી હોય છે. વિશ્વ બજારમાં ઈન્ડસ્ટ્રીયલ મેટલ્સની બજારોમાઉં તાજેતરમાં કોપરના ભાવ વધતા રહી ટનના ૧૦ હજાર ડોલવરની સપાટી પાર કરી ગયા હતા તથા ઉંચામાં ભાવ વિશ્વ બજારમાં કોપરના ભાવ ૨૦૨૪ના પાછલા વર્ષમાં ટનના નીચામાં ૯૧૭૦થી ૯૧૭૫ ડોલર તથા ઉંચામાં ૯૯૯૦થી ૯૯૯૫ ડોલર રહ્યા હતા. ૨૦૨૫ના વર્તમાન વર્ષમાં ભાવ આગળ વધી ૧૦ હજાર ડોલર પાર કરી ગયા હતા. ચાંદીના ભાવ ઉછળતા કોપરના ભાવ પણ ઉંચા ગયા હતા. ઓકટોબરમાં ઉંચામાં ભાવ ૧૦૮૦૦ ડોલરની સપાટી વટાવી ભાવ ૧૦૮૬૦થી ૧૦૮૬૫ ડોલર સુધી ટ્રેડ થતા જોવા મળ્યા હતા. કોપરમાં ચીનની નવી માગ ધીની પડતી દેખાઈ હતી. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ટેરીફ વિષયક નીતિમાં છાશવારે ફેરફીરો થતા રહેતાં કોપર બજારમાં અજંપો પણ જોવા મળ્યો હતો. જુલાઈમાં ટ્રમ્પે કોપરની આયાત પર ૫૦ ટકા ટેરીફ જાહેર કર્યા પછી આવી ટેરીફપ માત્ર અનરિફાઈન્ડ કોપરને જ લાગુ લપડશે એવી સ્પષ્ટતા કરવામાં આવતાં વિશ્વ બજારમાં જુલાઈ મહિનામાં ભાવમાં બેતરફી ચડઉતર જોવા મળી હતી.

દરમિયાન, વૈશ્વિક સ્તરે કોપર બજારમાં સપ્લાય સરપ્લસના બદલે સપ્લાય ડેફીસીટની સ્થિતિ આ વર્ષે દેખાઈ છે. ઈન્ડોનેશિયા તથા કોંગોમાં કોપરનું ઉત્પાદન આ વર્ષે અપેક્ષાથી ઓછું થયાના વાવડ મળ્યા હતા. વિશ્વ બજારના તજજ્ઞોના જણાવ્યા મુજબ આગામી વર્ષોમાં કોપરમાં ચીનની માગ ધીમી રહેશે જ્યારે અમેરિકા તથા ભારતની માગ કોપરમાં વધતી જોવા મળશે એવી શક્યતા જણાય છે.ચીનમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે હવે વિકાસની ગતી ધીમી પડી છે. જ્યારે ભારત તથા અમેરિકામાં આ ક્ષેત્રે વિકાસ વેગ પકડી રહ્યાના સંકેતો મળ્યા હતા. વૈશ્વીક સ્તરે ડેટા સેન્ટર પાવર ટ્રાન્સમિશનમાં કોપરની માગ વધી છે. આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ એઆઈ ક્ષેત્રનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. આવા માહોલમાં આગળ ઉપર કોપરનો વપરાશ વધતો જોવા મળશે એવી શક્યતા વિશ્વ બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ઈલેકટ્રીફિકેશન, ઈલેક્ટ્રીક વેહિકલ્સ, રિન્યુએબલ એનર્જી વિ. ક્ષેત્રમાં પણ કોપરની માગ વધતી જોવા મળી છે. ગોલ્ડમેન સેકના તજજ્ઞોના જણાવ્યા મુજબ વૈશ્વિક લસ્તરે કોપરની સપ્લાય ડેફીસીટ ૨૦૨૫ના વર્તમાન વ ર્ષમાં ૧ લાખ ૬૦ હજાર ટન રહી છે તથા ૨૦૨૬ના નવા વર્ષમાં આવી ડેફીસીટ વધુ વધી બે લાખ ટન થઈ જવાનની ભીતિ જણાય છે. વિશ્વ બજારના અમુક એનાલિસ્ટોના જણાવ્યા મુજબ સોના અને ચાંદી પછી હવે કોપરમાં રેકોર્ડ તેજી આવવાની શક્યતા જણાઈ છે. વૈશ્વિક સ્તરે કોપરમાં વિવિધ ઉત્પાદક દેશોની માઈન્સમાં ઉત્પાદનમાં પીછેહટ જોવા મલી છે તથા કોપરનો સ્ટોક પણ ઘટયો છે. ઉપરાંત સ્ક્રેપ ક્ષેત્રમાંથી આવતો કોપરનો પુરવઠો પણ ઘટયો છે. આના પગલે સપ્લાય ડેફીસીટની સ્થિતિ સર્જાઈ છે. ડિફેન્સ ક્ષેત્રમાં પણ વકોપરની માગ વધતી જોવા મલી છે. ૨૦૨૨માં કોપરના ભાવ ઉંચામાં ૧૦૭૨૫થી ૧૦૭૩૦ ડોલર થતાં રેકોર્ડ સર્જાયો હતો પરંતુ ત્યાર પચી ભાવ ફરી ઘટી ૮૦૦૦ ડોલર લપણ ૨૦૨૨માં થયા હતા ત્યારબાદ ૨૦૨૩માં ભાવ વધી ૯૩૦૦ ડોલર સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ ચીનની માગ ઘટતાં ભાવ ગબડી ૭૯૦૦ ડોલર થઈ ગયા હતા. ૨૦૨૪માં ભાવ વધી ૧૧૪૬૦થી ૧૧૪૬૫ ડોલર થતાં નવો રેકોર્ડ સર્જાયો હતો.

# ક્લાઉડ સીડિંગ : દિલ્હીના પ્રદુષણને નાથવાનો નવતર પ્રયોગ

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 28, 29 અને 30 ઓક્ટોબરે દિલ્હી NCRમાં વાદળોની પર્યાપ્ત હાજરીની સંભાવના છે. તેમાં પણ જો વાતાવરણ અનુકુળ રહ્યું તો 29 ઓક્ટોબરે દિલ્હી પ્રથમવાર કૃત્રિમ વરસાદનો અનુભવ કરી શકે છે : ક્લાઉડ સીડિંગ એક એવી રસાયણિક પદ્ધતિ છે જેના દ્વારા વાતાવરણમાં પલટો લાવી શકાય છે. તેના દ્વારા વાદળો ઉત્પન્ન કરીને વરસાદ અથવા તો હિમવર્ષા વરસાવી શકાય છે. તેના થકી વાદળોની ક્ષમતા વધારવામાં આવે છે અને વરસાદ કે હિમવર્ષા વધારવા માટે તેનો ઉપયોગ કરાય છે : ક્લાઉડ સીડિંગ દરમિયાન કન્ડેન્સેશનને જાગ્રત કરવા માટે જ્યારે સિલ્વર આયોડાઈડ અથવા તો સોડિયમ ક્લોરાઈડ વાદળોમાં નાખવામાં આવે છે. તેને ઓછા પ્રમાણમાં નાખવામાં આવે તો તેનાથી જોખમ ઓછું થાય છે

દિલ્હીમાં પ્રદૂષણનો સામનો કરવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી રહી છે. થોડા દિવસ પહેલાં જ દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ જાહેરાત કરી હતી કે, રાજધાનીમાં પ્રથમવાર ક્લાઉડ સીડિંગ કરાવવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તેનું સફળ ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવ્યું છે. આગામી સમયમાં તેનું વિગતે અમલીકરણ કરાશે અને તેનું સકારાત્મક પરિણામ પણ જોવા મળશે. તેમણે જણાવ્યું હતું કે, બુરાડી વિસ્તારમાં ક્લાઉડ સીડિંગનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૨૮, ૨૯ અને ૩૦ ઓક્ટોબરે દિલ્હી NCRમાં વાદળોની પર્યાપ્ત હાજરીની સંભાવના છે. તેમાં પણ જો વાતાવરણ અનુકુળ રહ્યું તો ૨૯ ઓક્ટોબરે દિલ્હી પ્રથમવાર કૃત્રિમ વરસાદનો અનુભવ કરી શકે છે. રેખા ગુપ્તાએ ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિથી આ કૃત્રિમ વરસાદને દિલ્હીના ઈતિહાસનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સરકારનો ઉદ્દેશ્ય છે કે આ નવા પ્રયોગથી રાજધાનીની હવાને સ્વચ્છ અને વાતાવરણને સંતુલિત બનાવવામાં આવી શકે છે. આ સમગ્ર પ્રયોગ અને સ્થિતિ અંગે દિલ્હીના મંત્રી મનજિંદર સિંહ સિરસાએ પણ જણાવ્યું હતું કે, આઈઆઈટી કાનપુરથી મેરઠ, ખેકડા, બુરાડી, સાદકપુર, ભોજપુર, અલીગઢ થઈને દિલ્હી અને પરત આઈઆઈટી કાનપુર સુધી એક ટ્રાયલ સીડિંગ ઉડાન ભરવામાં આવી હતી. જેમાં ખેકડા અને બુરાડીની વચ્ચે અને બાદલી વિસ્તારના ઉપર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ક્લાઉડ સીડિંગ ફ્લેયર્સ નાખવામાં આવ્યા. આ કલાઉડ સીડિંગની ક્ષમતાઓ, વિમાનની તૈયારી અને ક્ષમતા, ક્લાઉડ સીડિંગ ફિટિંગ અને ફ્લેયર્સની ક્ષમતાના આકલન અને તમામ સંબંધિત એજન્સીઓની વચ્ચે સમન્વયની તપાસ માટે એક ટેસ્ટિંગ ઉડાન હતી. હવે તેમાં સફળતા જોવા મળી છે તેથી મોટા વિસ્તારમાં તેનો ઉપયોગ કરવામાં આવશે. ખાસ વાત એવી છે કે, દિલ્હી દર વર્ષે દિવાળી દરમિયાન પ્રદુષણથી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જાય છે. ખાસ કરીને એનસીઆર વિસ્તાર અને અન્ય વિસ્તારોમાં દિવાળીથી તેની પૂર્ણાહુતિ દરમિયાન દિલ્હીનું વાતાવરણ અત્યંત ઝેરી હોય છે અને દરેક વિસ્તારનો એક્યુઆઈ ખૂબ જ મોટા આંકડામાં આવે છે. તાજેતરમાં પણ દિવાળીના દિવસે દિલ્હી ગેસચેમ્બરમાં જ ફેરવાઈ ગયું હતું. હાલમાં પણ દિલ્હીની આવી જ સ્થિતિ છે. તાજેતરમાં સીપીસીબી દ્વારા દિલ્હીનો એક્યુઆઈ કાઢવામાં આવ્યો જે દિવાળીના દિવસ કરતા સુધર્યો છે છતાં ગણાય છે ખરાબ સ્થિતિમાં જ. તેને સામાન્ય કહી શકાય તેમ નથી. શિયાળાની શરૂઆત થતા જ દિલ્હીનું આકાશ કાળા અને ઝેરી ધુમાડાથી ભરાવા લાગે છે જેના કારણે નાગરિકોને ઘણી વખત શ્વાસ લેવામાં મુશ્કેલી થાય છે અને આંખોમાં પણ બળતરા થવા લાગે છે. આ મુશ્કેલી લાંબો સમય ચાલે છે. નીચું તાપમાન અને પવનનો અભાવ પ્રદુષણને જમીન ઉપર જ રોકી રાખે છે અને લોકોની મુશ્કેલી વધતી જાય છે. આ વર્ષે દિલ્હી સરકારે ક્લાઉડ સીડિંગ દ્વારા કૃત્રિમ વરસાદ વરસાવીને રાહત આપવાની તૈયારી કરી લીધી છે.

### વિસ્તારની દ્રષ્ટિએ રાજસ્થાન કરતા નાનો દેશ છે અને વસતીની દ્રષ્ટિએ ઉત્તર પ્રદેશ કરતા અડધી વસતી પણ નથી

# વિયેતનામ : રાજસ્થાન કરતા નાનો દેશ અને ભારત કરતા વધારે માથાદીઠ આવક

**1993માં 80 ટકા લોકોને મૂળભૂત જરૂરિયાતો પૂરી થતી નહોતી. ગ્રામ્ય વિસ્તારોની સ્થિતિ તો એટલી ખરાબ હતી કે, લાખો લોકોને બે ટંક ભોજન મળતું નહોતું. 1985માં વિયેતનામના લોકોની માથાદિઠ આવક 20,000 રૂપિયા હતી : આ દેશ 90ના દાયકામાં ભારત કરતા અત્યંત કંગાળ અને ગરીબ દેશ હતો. 80 ટકા લોકો ગરીબી રેખાની નીચે રહેતા હતા. અહીંયા હાલમાં લોકોની માથાદિઠ આવક ભારતીયો કરતા ત્રણ ગણી થઈ ગઈ છે. ભારતીયોની માથાદિઠ આવક 1.84 લાખ રૂપિયા છે**



ભારતીયોમાં હાલમાં વેકેશન દરમિયાન વિયેતનામનો પ્રવાસ કરવાનો સૌથી વધારે ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ભારતમાંથી મોટી સંખ્યામાં લોકો અહીંયા આવી રહ્યા છે અને ક્વોલિટી સમય પસાર કરી રહ્યા છે. આ એવો દેશ છે જેની ગણના આજથી ૩ દાયકા પહેલાં ક્યાંય થતી નહોતી. અત્યંત ગરીબી અને લાચારી તથા રોજગારીનો અભાવ અને ઈકોનોમીની પણ સ્થિતિ સારી નહોતી. છેલ્લાં કેટલાક સમયમાં આ દેશ દ્વારા એવી પ્રગતિ કરવામાં આવી છે કે લોકો તેનો ભૂતકાળ ભુલી ગયા છે. વિયેતનમાં જ્યાં પણ જાઓ ત્યાં સ્વચ્છ રસ્તા, હાઈવે. કોઈપણ શહેર કે ગામમાં ક્યાંય ગંદકી નહીં. ક્યાંય કોઈ ઝુંપડપટ્ટી નહીં કે કાચા મકાનો નહીં. દરક જગ્યાએ પાકા મકાન ધરાવતા મકાનો, ગામડા અને સારામાં સારા રસ્તા અને વાહનવ્યાવહારના સંસાધનો આવેલા છે. અહીંયા ટ્રાફિકની પણ કોઈ સમસ્યા નથી. રસ્તા ઉપર મોંઘી ગાડીઓ પણ દેખાય છે અને સામાન્ય વાહનો પણ દેખાય છે. અહીંયા હાઈરાઈઝ બિલ્ડિંગ છે અને ક્યાંક પારંપરિક ઈમારતો પણ નથી. અહીંયા નદી કિનારે આવેલા સ્પેશિયલ ઝોનમાં અનેક જહાજો માલસામાન લાવે છે અને લઈ જાય છે. તેની પાછળ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થયેલો છે.

ઉત્તરના હનોઈથી દક્ષિણના ચી મિન્હ સુધી સમગ્ર વિયેતનામ ફરવામાં આવે તો અત્યંત ખુશમિજાજ, સંપન્ન, અનુશાસિત છતાં પારંપરિક દેશ જોવા મળે છે. આ એક એવો દેશ છે જે કુદરતની સુંદરતા સાથે સાથે પરંપરા અને અનુશાસન સાથે પણ જીવે છે. અહીંયા ત્રણ દાયકા પહેલાં જે ગરીબી હતી તે ક્યાંય જોવા મળતી નથી. આ દેશ ૯૦ના દાયકામાં ગરીબ દેશ હતો.

૮૦ ટકા લોકો ગરીબી રેખાની નીચે રહેતા હતા. છેલ્લાં કેટલાક સમયથી અહીંયા જે પરિવર્તન આવ્યું છે તેણે લોકોને આશ્ચર્યમાં મુકી દીધા છે. અહીંયા હાલમાં લોકોની માથાદીઠ આવક ભારતીયો કરતા ત્રણ ગણી થઈ ગઈ છે. ભારત કરતા વિયેતનામની સ્થિતિ આ મુદ્દે ઘણી સારી છે. ભારતીયોની માથાદિઠ આવક ૧.૮૪ લાખ રૂપિયા છે જ્યારે વિયેતનામના લોકોની માથાદિઠ આવક ૪.૩૮ લાખ રૂપિયા છે.

લોકોને વિયેતનામની આ સ્થિતિ જોઈને આશ્ચર્ય થાય છે. લોકોને લાગે છે કે, આવો જાદુ થયો કેવી રીતે. આ દેશ દ્વારા એવી તો શું કામગીરી કરવામાં આવી કે, ત્રણ દાયકામાં સમગ્ર દેશની ઓળખ ફરી ગઈ. આ દેશની વસતીની વાત કરીએ તો યુપીના વસતી કરતા અડધી વસતી છે અને આ દેશનું ક્ષેત્રફળ ભારતના સૌથી મોટા રાજ્ય રાજસ્થાન કરતા થોડું ઓછું છે.

હવે વિચારો કે આ દેશ ક્યાંય ભૂતકાળમાં ગરીબ હતો અને કંગાળ સ્થિતિમાં હતો. ૧૯૯૦ના શરૂઆતના સમયમાં અહીંયા ગરીબી સૌથી મોટી સમસ્યા હતી. ૧૯૯૩માં ૮૦ ટકા લોકોને મૂળભૂત જરૂરિયાતો પૂરી થતી તો એટલી ખરાબ હતી કે, લાખો લોકોને બે ટંક ભોજન મળતું નહોતું. ૧૯૮૫માં વિયેતનામના લોકોની માથાદિઠ આવક ૨૦,૦૦૦ રૂપિયા હતી જે ભારતના સૌથી ઓછી આવક ધરાવતા રાજ્યની માથાદિઠ આવક કરતા પણ ઓછી હતી.

આ દેશના આશ્ચર્યજનક વર્તમાનને જોતા પહેલાં તેના ભૂતકાળ ઉપર એક નજર કરવી પડે તેમ છે. અમેરિકાએ ચાલુ કરેલું યુદ્ધ ૭૦ના દાયકામાં અટકાવ્યું હતું. તેના કારણે વિયેતનામ બરબાદ થઈ ગયું હતું. બે દાયકા ચાલેલા યુદ્ધના કારણે વિયેતનામની હાલત અત્યંત કફોડી થઈ ગઈ હતી. અમેરિકાએ વિયેતનામને બરબાદ કરી નાખ્યું હતું.

૪૦ લાખથી વધારે લોકોનાં મોત થયા હતા. ઓરેન્જ એજન્ટ જેવા કેમિકલ હથિયારોના ઉપયોગ કરાયા હતા જેના કારણે વિયેતનામની જમીન સાવ બંજર થઈ ગઈ હતી.

દેશનો અને દેશના લોકોનો આત્મવિશ્વાસ સાવ તળીયે આવી ગયો હતો. ત્યારબાદ બે દાયકા સુધી વિયેતનામ માત્ર સ્થિર થવા પ્રયાસ કરતું રહ્યું. છેલ્લાં બે દાયકામાં તેણે જે પરિવર્તન લાવી બતાવ્યું છે અને જે સુધારા કર્યા છે તે કોઈ ચમત્કારથી વિશેષ નથી. યુદ્ધમાં અટવાયેલું હતું. વિયેતનામ તે પહેલાં ૧૨૫ વર્ષના સૌથી ભયાનક યુદ્ધના માર હેઠળ હતું. ૧૯૮૦ના અતં સુધીમાં તો અહીંયા ભૂખમરો, ખાદ્યપદાર્થોની અછત, મૂળભૂત સુવિધાઓ અને સાધનોનો અભાવ ખૂબ જ સામન્ય બાબત થઈ ગયા હતા. ૧૯૯૩માં જે સરકારી અહેવાલ આવ્યા હતા અને વિશ્વ બેન્કે જે અહેવાલ જાહેર કર્યો હતો તેમાં જણાવાયું હતું કે, વિયેતનામના ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના લોકો પાસે પહેરવા માટે કપડાં અને બે ટંક ખાવા માટે ભોજન નહોતું. ત્યારબાદ ચમત્કાર થયો.

વિયેતનામમાં પણ સરકારની સ્થિતિ અલગ જ છે. અહીંયા પણ ચીનની જેમ એક જ પક્ષ કોમ્યુનિસ્ટની સરકાર છે. ૧૯૮૬ બાદ વિયેતનામની સરકારે ડોઈ મોઈ નામનો એક સુધારા કાર્યક્રમ શરૂ કર્યો. આ સુધારો પહેલાં તો ખેતી અને તેને સંલગ્ન ઉદ્યોગો સાથે સંકળાયેલો હતો. ૧૯૯૩થી ૨૦૧૯ વચ્ચે ગરીબીનો દર ૬૧ ટકાથી ઘટીને ૩.૭૫ ટકા સુધી પહોંચી ગયો. નવા આંકડા પ્રમાણે તો વિયેતનામમાં ગરીબી હવે ૧.૫ ટકાની આસપાસ છે. અહીંયા મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ આવે છે. આ પ્રવાસીઓ વિયેતનામની બદલાયેલી સિકલને જોઈને આશ્ચર્યમાં મુકાઈ જાય છે. તેની જે નવી રંગત છે તેનાથી દંગ રહી જાય છે.

વિયેતનામે કરેલા સુધારા અને સતત પ્રયાસને લીધે જ તેણે પોતાની સ્થિતિમાં અદ્વિતિય સુધારો કર્યા. આજે તે ઘણા મુદ્દે ભારત જેવા મોટા દેશ કરતા આગળ છે. તેમાં ખાસ કરીને વ્યક્તિગત આવક એટલે કે માથાદિઠ આવક સરેરાશ ૫૦૦૦ ડોલર છે. તેની સામે ભારતની માથાદિઠ આવક ૨૧૦૦ ડોલરની આસપાસ છે. જે રીતે તેણે ૨૦૦૫થી ૨૦૨૫માં ગરીબી દૂર કરી તે આશ્ચર્યજનક છે. તેના કારણે જ વિશ્વ બેન્ક અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિયેતનામને ગરીબી નિવારણ કાર્યક્રમના મોડલ દેશ તરીકે જોવામાં આવે છે. સરકાર દ્વારા કરવામાં આવેલી સામાજિક અને આર્થિક સુધારાએ ખૂબ જ મોટી ભૂમિકા ભજવી હતી. સરકારની મજબૂત નીતિઓ અને લાંબાગાળાની યોજનાઓએ લોકોના જીવનધોરણ સુધારવામાં સૌથી વધુ મદદ કરી હતી.

જાણકારોના મતે વિયેતનામે ૧૯૮૬માં ડોઈમોઈ સુધારા લાગુ કર્યા. તેણે આ સુધારા લાગુ કરતાની સાથે જ કેન્દ્રીકૃત સમાજવાદી વ્યવસ્થા હતી તેને સાઈડલાઈન કરીને બજારની અર્થવ્યવસ્થાને અપનાવી હતી. તેના દ્વારા રોજગાર અને સર્જનમાં તેજી આવવા લાગી હતી. આ સિવાય બજારમાં તેજી આવી, ખેતીમાં સુધારા થવા લાગ્યા, આયાત અને નિકાસ વધવા લાગ્યો, ઔદ્યોગીકરણ માટે નવા સુધારા લાગુ કરાયા, વિદેશી રોકાણ માટેની નીતિઓમાં ફેરફાર કરાયો જેના કારણે જીડીપીમાં સુધારો થવા લાગ્યો.

૧૯૯૦થી ૨૦૨૦ દરમિયાન વિયેતનામનો જીડીપી સરેરાશ ૬-૭ ટકા જેટલો રહ્યો હતો.

### આટલી મોંઘી કાર ખરીદવા બાબતે લોકપાલની આકરી ટીકા થઈ રહી છે

# લોકપાલ વિવાદ વચ્ચે અમિતાભ કાંતએ ખરીદી ઈવી કાર

**આરજેડીમાંથી તેમજ કુટુંબમાંથી બરખાસ્ત થયેલા લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવએ પોતાનો પક્ષ બનાવ્યો છે અને બિહાર વિધાનસભાની દરેક બેઠક પર ચૂંટણી લડવાના છે. એમની પાર્ટી જનશક્તિ જનતાદળે બીજા પાંચ પક્ષો સાથે ગઠબંધન કર્યું છે. તેઓ પોતે મહુઆ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેજપ્રતાપ યાદવ જ્યારે મહુઆ પહોંચ્યા ત્યારે એમના ટેકેદારોની ભીડ ભેગી થઈ ગઈ હતી. એમણે રોડ શો પણ કર્યા હતો**



લોકપાલએ પોતાના સભ્યો માટે ૭ બીએમ ડબલ્યુ કાર ખરીદવાનું ટેન્ડર બહાર પાડ્યું છે. આ ટેન્ડરની માહિતી બહાર આવતા જ મોટો વિવાદ થયો છે. આટલી મોંઘી કાર ખરીદવા બાબતે લોકપાલની આકરી ટીકા થઈ રહી છે. વધતા વિવાદ વચ્ચે નીતી આયોગના ભૂતપૂર્વ સીઈઓ અમિતાભ કાંતે ઘોષણા કરી છે કે, એમણે ઈલેક્ટ્રીક ગાડી લઈ લીધી છે. એમણે કહ્યું છે કે જેઓ બીએમ ડબલ્યુ ખરીદવા માંગે છે એમણે એકવાર ભારત બનાવટની ઈવી કારનો અનુભવ કરવો જોઈએ. અમિતાભ કાંતે સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે, 'મે હમણા હમણા જ ખાસ મોંઘી નહીં એવી ભારતીય બનાવટની ઈલેક્ટ્રીક કાર ખરીદી છે. આ કારની ડિઝાઈન ખુબ સુંદર છે અને એડવાન્સ ઈવી ટેક્નોલોજી ઉપરાંત ડ્રાયવીંગનો સુખદ અનુભવ આપે છે. ભવિષ્યના ગ્રીન ભારત તરફ જવાની મુસાફરીમાં મેં યોગદાન આપ્યું એનો આનંદ છે.'

આરજેડીમાંથી તેમજ કુટુંબમાંથી બરખાસ્ત થયેલા લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવએ પોતાનો પક્ષ બનાવ્યો છે અને બિહાર વિધાનસભાની દરેક બેઠક પર ચૂંટણી લડવાના છે. એમની પાર્ટી જનશક્તિ જનતાદળે બીજા પાંચ પક્ષો સાથે ગઠબંધન કર્યું છે. તેઓ પોતે મહુઆ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેજપ્રતાપ યાદવ જ્યારે મહુઆ પહોંચ્યા ત્યારે એમના ટેકેદારોની ભીડ ભેગી થઈ ગઈ હતી. એમણે રોડ શો પણ કર્યા હતો. એ વખતે એમની સાથે ખાસ મહેમાન હાજર હતા. ખુલ્લી જીપમાં એમની સાથે એક એવી વ્યક્તિ હતી કે જેણે ગાંધીજીનો મેકઅપ કર્યો હતો. લોકોને તેજપ્રતાપનો આ પ્રચાર ખૂબ ગમ્યો હતો. તેજપ્રતાપનું કહેવું છે કે તેઓ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત છે. એમણે એમ પણ કહ્યું હતું કે તેઓ પોતે જ એક બ્રાન્ડ છે. અખિલેશ યાદવનું નામ સાંભળીને તેઓ ચોંકી ગયા હતા. એમણે કહ્યું હતું કે 'અખિલેશ યાદવ પોતાની જગ્યાએ હશે, પરંતુ એમના કરતા હું મોટી બ્રાન્ડ છું.'

અમેરિકાની રીપબ્લીકન પાર્ટીના નેતા નીકી હેલીના પુત્ર મલીન હેલી અને બ્રિટિશ - અમેરિકન પત્રકાર મહેદી હસન વચ્ચે માઈગ્રેશન બાબતે વિવાદ થયો છે. મલીને સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મુકી હતી જેમાં ડોનાલ્ડ ટ્રમ્પની માઈગ્રેશન પોલીસી અને વિઝા નિયમો બાબતની કડકાઈને ટેકો આપ્યો હતો. એમનું કહેવું હતું કે અમેરિકાની જ વસ્તી ઘણી છે. એઆઈને કારણે નોકરીઓ પણ મુશ્કેલ બની રહી છે. આવા સંજોગોમાં બીજા દેશોમાંથી કોઈએ અમેરિકા આવવાની જરૂર નથી. આ પોસ્ટનો જવાબ આપતા મહેદી હસનએ કહ્યું હતું કે ૧૯૬૯માં તમારા દાદા પણ ભારતમાં પંજાબથી અમેરિકા આવ્યા હતા. નલીન કોહલીનું કહેવું હતું કે, વિદેશીઓને એક્સ-વન-બી વિઝા આપવા નહીં જોઈએ. એમનું માનવું છે કે, અમેરિકામાં વસવા માંગતા લોકો કોઈપણ દેશના હોય એનાથી ફરક પડતો નથી, પરંતુ અમેરિકામાં એમને સ્થાન નથી.

લદ્દાખના સામાજીક કાર્યકર સોનમ વાંગચૂક હમણા જેલમાં છે. સોનમ વાંગચૂકના પત્ની ગીતાંજલી આંગમોએ સુપ્રિમ કોર્ટમાં રજુ કરેલી એફીડેવીટમાં કહ્યું છે કે, એમની પાછળ સતત આઈબીના અધિકારીઓ લાગ્યા છે. આ કારણે એમની વ્યક્તિગત સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારોનો ભંગ થાય છે. ગીતાંજલીનું કહેવું છે કે તેઓ જોધપુરની જેલમાં જ્યારે એમના પતિને મળવા ગયા ત્યારે પણ રાજસ્થાન પોલીસ અને આઈબીની ટીમે એમનો પીછો કર્યો હતો. જોધપુરમાં એમનો પ્રવાસ અને પતિ સાથેની મુલાકાત પણ અધિકારીઓની હાજરીમાં થઈ હતી. ગીતાંજલીનું કહેવું છે કે એમણે જ્યારે દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી ત્યારે પણ આઈબીના માણસો હાજર હતા. તેઓ જ્યારે જોધપુર એરપોર્ટ પર પહોંચ્યા ત્યારે એમને સીધા પોલીસ વાહનમાં બેસાડી દેવામાં આવ્યા હતા. તેઓ જ્યારે વાંગચૂકને મળ્યા હતા ત્યારે ડીસીબી મંગલેશ અને એક મહિલા કોન્સ્ટેબલ ત્યાં હાજર હતા.

ભારતીય કિસાન યુનિયન (ભાકીયુ)ના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતએ કહ્યું છે કે, બીએસપીમાં પ્રમુખ માયાવતીએ હવે ચૂંટણી લડવાની ઝંઝટમાં પડવું જોઈએ નહીં. ટિકૈતએ એમની ટીકા પણ કરી હતી. મુખ્યમંત્રી યોગીના હલાલ સર્ટિફીકેટ બાબતે ટિકૈતએ કહ્યું હતું કે, કોઈ લાલ છે તો કોઈ લીલુ એટલે કે વેજ અથવા નોનવેજ. જો ઓરગેનીક હોય તો એના પર લીલુ અને નોનવેજ હોય તો લાલ નિશાન હોવું જોઈએ. હોટલોએ પણ મેન્યુમાં વાનગીઓની યાદી આગળ આ ચિહ્ન મુકવા જોઈએ. એમના કહેવા પ્રમાણે માયાવતીની ઉંમર થઈ ગઈ છે. હવે એમણે આરામ કરવો જોઈએ. સાંસદ ઈકરાહસનપુર પર કરવામાં આવેલી બીભત્સ ટીપ્પણીનો એમણે વિરોધ કર્યો હતો. જોકે રાજકીય નિરીક્ષકોના કહેવા પ્રમાણે રાકેશ ટિકૈતનું રાજકીય વજન ઘટી રહ્યું છે અને કોઈ એમને ગંભીરતાથી લેતું નથી એટલે આવી ટીકડમબાજી કરે છે.

ગાયક લકી અલીએ લેખક જાવેદ અખ્તર પર નિશાન તાંક્યું છે. લકીનું કહેવું છે કે, જાવેદ ઓરીજીનલ નથી. એમણે લોકોને જાવેદ જેવા નહીં બનવાની અપીલ કરી છે. વાત એમ છે કે, સોશ્યલ મીડિયા એક્સ પર જાવેદ અખ્તરનો એક જૂનો વિડિયો વાયરલ થયો છે. આ વિડિયોમાં જાવેદ હિન્દુઓને મુસલમાન જેવા નહીં બનવાની અપીલ કરે છે. લકી અલીએ એક્સ પર આ વિડિયો શેર કરીને કોમેન્ટ કરી છે કે, 'જાવેદ અખ્તર જેવા નહીં બનતા. તેઓ કદી ઓરીજીનલ રહ્યા નથી. તેઓ અતિશય ગંદા છે.' ત્યાર પછી લકી અલીએ ફરીથી ટ્વીટ કર્યું હતું એમા કટાક્ષ કરતા લખ્યું હતું કે, 'મારો કહેવાનો મતલબ એમ છે કે અહમ ગંદો છે. સમજાવવામાં મારી ભૂલ થઈ. રાક્ષસોને પણ લાગણી હોઈ શકે છે. મે કોઈના રાક્ષસપણાને દુખ પહોંચાડયું હોય તો હું માફી માંગુ છું.'

કોઈમ્બતુરમાં રામલલ્લા પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમનું સીધુ પ્રસારણ એક સાર્વજનીક ઉપદ્રવનો ગુનો બનતો હોવાની એફઆઈઆર મદ્રાસ હાઈકોર્ટે રદ કરી છે. જસ્ટીસ એન સતીષકુમારની બેન્ચે કહ્યું છે કે, ધાર્મિક આયોજન માટે ભેગા થવું ગેરકાયદેસર કહી શકાય નહીં. જ્યાં સુધી કોઈ પ્રકારની હિંસા કે ગુનો નહીં થાય ત્યા સુધી એમાં કંઈ ખોટુ નથી. જસ્ટીસએ કહ્યું હતું કે, ફરિયાદી પક્ષના દસ્તાવેજોથી સાબિત નથી થતું કે, આરોપીઓએ બળપ્રયોગ કર્યો છે. આરોપીઓએ કોઈ ગુનો કર્યો હોય કે બીજા કોઈના અધિકારોમાં વિક્ષેપ પાડયો હોય એવા પણ કોઈ પુરાવા નથી. કોર્ટે કહ્યું હતું કે, 'ફક્ત કેટલાક લોકોને વાંધો પડે એ કારણે કોઈ ધાર્મિક સભાની પ્રવૃત્તિને ગેરકાયદેસર કહી શકાય નહીં.' ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં અયોધ્યા મંદિરમાં થયેલી રામલલ્લા પ્રાણપ્રતિષ્ઠાનો કાર્યક્રમ કોઈમ્બતુરના એક મંદિરએ એલઈડી સ્ક્રીન પર લાઈવ બતાવ્યો હતો. પોલીસનો દાવો હતો કે આ કારણે ભીડ ભેગી થઈ હતી અને ટ્રાફીક જામ થયો હતો.

### લોરેન્સના નામે ખંડણી માંગી

# હંસરાજ રઘુવંશીને જાનથી મારી નાખવાની ધમકી મળી



'મેરા ભોલા હૈ ભંડારી, કરતા નંદી કી સવારી' ભજન ગાઈને પ્રખ્યાત બનેલા ગાયક હંસરાજ રઘુવંશી અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. એક વ્યક્તિએ દાવો કર્યો હતો કે તે કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઇ ગેંગનો છે અને ગાયક પાસેથી ૧૫ લાખ રૂપિયાની ખંડણીની માંગ કરી હતી.ઉલ્લેખનીય છે કે, ૨૨ ઓક્ટોબરના રોજ ગાયકના અંગત સુરક્ષા ગાર્ડ વિજય કટારિયાએ મધ્યપ્રદેશના ઉજ્જૈનના રહેવાસી રાહુલ કુમાર નાગડે વિરુદ્ધ મોહાલીના ઝીરકપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાલો જાણીએ શું છે સમગ્ર મામલો.વિજયે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગાયક હંસરાજ અને આરોપી રાહુલ પહેલી વાર વર્ષ ૨૦૨૧-૨૨માં ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં મળ્યા હતા. તેમણે પોતાને ગાયકનો ચાહક ગણાવ્યો હતો અને તેની સાથે ગાઢ સંબંધ બનાવ્યા હતા. ત્યારબાદ તે ધીમે ધીમે ગાયકના અંગત જીવનમાં આવી ગયો. આટલું જ નહીં, તેણે હંસરાજ રઘુવંશી નામનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું હતું અને પોતાને ગાયકનો નાનો ભાઈ કહેવા લાગ્યો હતો. તેણે ગાયકને તે એકાઉન્ટ ફોલો કરવાનું પણ કહ્યું. થોડા સમય સુધી ટાળ્યા બાદ, ગાયક હંસરાજે તે એકાઉન્ટને ફોલો કર્યુ હતું.આરોપી રાહુલ પણ વર્ષ ૨૦૨૩ માં આમંત્રણ વિના ગાયકના લગ્નમાં હાજરી આપી હતી અને ત્યાં તેણે પરિવાર અને ટીમના સભ્યોના નંબર પણ મેળવ્યા હતા. વિજયે વધુમાં જણાવ્યું હતું કે, જેમ જેમ આરોપી ગાયકની નજીક વધતો ગયો તેમ તેમ લોકો પણ તેને ઓળખવા લાગ્યા. ત્યારબાદ તેણે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં લોકોને છેતરવાનું શરૂ કર્યુ. આવી સ્થિતિમાં ગાયક હંસરાજની ટીમને લોકોના ફોન આવવા લાગ્યા હતા અને કહ્યું હતું કે રાહુલ લોકો પાસેથી મોંઘી ભેટો અને ચાહકો પાસેથી પૈસા લઈ રહ્યો છે.ફરિયાદ મળ્યા બાદ હંસરાજ રઘુવંશીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટને અનફોલો કર્યું હતું. ત્યારબાદ રાહુલ તેના પર ગુસ્સે થઈ ગયો હતો અને તેને અને તેના પરિવારને ધમકાવવા લાગ્યો હતો. નાગડેએ ગાયક, તેની પત્ની, પરિવાર અને ટીમના સભ્યોને ફોન અને વોટ્સએપ કોલ દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવાનું શરૂ કર્યુ હતું. આરોપીએ ગાયક પાસેથી ૧૫ લાખ રૂપિયાની માંગ કરી હતી અને લોરેન્સ બિશ્નોઈ-ગોલ્ડી બ્રાર ગેંગ સાથે સંબંધ હોવાનો દાવો કર્યો હતો. આ દરમિયાન, પોલીસે હવે આ કેસમાં એફઆઈઆર નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આરોપી વિરુદ્ધ બીએનએસની કલમ ૨૯૬, ૩૫૧ (૨), ૩૦૮ (૫) અને આઈટી એક્ટની ૬૭ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# ભોળાનાથની ભક્તિમાં લીન થઈ સારા અલી ખાન



કેદારનાથ સાથે ઊંડો લગાવ ધરાવતી સારા અલી ખાન વારંવાર ત્યાં જતી હોય છે. તેની તાજેતરની મુલાકાતનો એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં તે ભોળાનાથની ભક્તિમાં લીન થઈ સાધુઓની વચ્ચે બેઠેલી જોવા મળે છે. જ્યારે એક ફેન તેની પાસે સેલ્ફી લેવા આવે છે, ત્યારે સારા કોઈક વિચારમાં ગરકાવ હોય તેમ તેના પર બિલકુલ ધ્યાન આપતી નથી.સારા અલી ખાને ફિલ્મ 'કેદારનાથ'થી ડેબ્યૂ કર્યુ હોવાથી, તે આ સ્થળને ખાસ માને છે અને ઘણી વખત કેદારનાથની મુલાકાત લઈ ચૂકી છે.

### આ વીડિયો પર, લોકો સારાની પ્રશંસા કરી રહ્યા છે જ્યારે સેલ્ફી માંગનારા છોકરાની ટીકા થઈ રહી છે

સોશિયલ મીડિયા યુઝર દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલા તેના તાજેતરના પ્રવાસના એક વીડિયોમાં દેખાય છે કે સારા જમીન પર શાંતિથી બેઠી છે. જ્યારે તેની પાસે એક ફેન સેલ્ફી લેવા માટે આવે છે, ત્યારે સારા એવી રીતે બેઠી છે જાણે તે કશું સાંભળી કે જોઈ ન શકતી હોય. સારા ભક્તિમાં લીન જોવા મળી રહી છે. આ વીડિયો પર, લોકો સારાની પ્રશંસા કરી રહ્યા છે જ્યારે સેલ્ફી માંગનારા છોકરાની ટીકા થઈ રહી છે. કૉમેન્ટ્સમાં, એક યુઝરે દુઃખ વ્યક્ત કર્યુ કે મંદિરમાં લોકો ભગવાનને બદલે સેલિબ્રિટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજા એકે દલીલ કરી કે લોકોને શાંતિથી પ્રાર્થના ન કરવા દેવાને કારણે જ સેલિબ્રિટીઝને પ્રાયોરિટી લાઈનમાં વિશેષ દર્શન આપવા પડે છે. અન્ય કૉમેન્ટ્સમાં સારાને 'ખૂબ સારી સંસ્કારી છોકરી' કહેવાઈ છે અને કોઈકે અનુમાન લગાવ્યું છે કે તે ઈયર મફ્સને કારણે સાંભળી શકી નહોતી. કેટલાક યુઝર્સે સુશાંત સિંહ રાજપૂતની યાદ આવવાની શક્યતા વ્યક્ત કરી.સારાએ પોતાની આ ટ્રિપની તસવીરો પોસ્ટ કરીને લખ્યું છે, 'આખી દુનિયામાં આ એક એવી જગ્યા છે જે પોતાની લાગે છે અને દર વખતે મને આશ્ચર્યચકિત કરી દે છે. મારી પાસે જે કંઈ છે તે આપવા બદલ અને હું જે છું તે બનાવવા બદલ આભાર.'



# માધુરી અને જેકી શ્રોફની ૩૪ વરસ પહેલાની ફિલ્મ પરથી વેબ સીરીઝ

### આ વેબ સીરીઝમાં ડર અનન્સસ્પેન્શનું મિશ્રણ છે જે દર્શકોને વાર્તા સાથે જકડી રાખશે : જય મહેતા



માધુરી દીક્ષિત અને જેકી શ્રોફની ૩૪ વરસ પહેલાની સાઈકોલોજિકલ થ્રિલર ફિલ્મ '૧૦૦ ડેઝ'ને વેબ સીરીઝમાં ફેરવવામાં આવી છે. જેનું શૂટિંગ પુરુ થઈ ગયું છે. અને થોડા સમયમાં રિલીઝ કરવામાં આવશે.નિર્માતા જય મહેતાએ જણાવ્યું હતું કે, આધુનિક સમય અને દર્શકોને ધ્યાનમાં રાખીને ફિલ્મની વાર્તામાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે તેને નવા અંદાજમાં એક હોરર વેબ-શો તરીકે દર્શાવવામાં આવશે.જય મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે આ વેબ સીરીઝમાં ડર અનન્સસ્પેન્શનું મિશ્રણ છે જે દર્શકોને વાર્તા સાથે જકડી રાખશે. આ વેબ સીરીઝને શોર્ટ એપિસોડ તરીકે દર્શાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૧૯૯૧ની ૧૦૦ ડેઝ ૧૯૮૪ની તમિલ ફિલ્મ નૂરવજી નાલની રીમેક હતી. જેમાં એક એવી મહિલાની વાત હતી, જેને ભવિષ્યમાં હત્યા થવાની ઝલક દેખાતી હતી. એ સમયે આ વાર્તા પોતાના સસ્પેન્સ અને અનોખા મેન્સેપ્ટને કારણે હિટ થઈ હતી.



### આ ફિલ્મને ૨૦૨૬ના મધ્યમાં રિલીઝ કરવાની યોજના છે

# અક્ષયકુમાર જલ્દી 'વેલકમ ટુ ધ જંગલ'નું શૂટિંગ શરૂ કરશે



અક્ષયકુમાર ફરી પાછો પોતાની આગામી ફિલ્મ 'વેલકમ ટુ જંગલ' માટે ચર્ચામાં છે. આ ફિલ્મ 'વેલકમ-૩' તરીકે પણ જાણીતી છે. એક રિપોર્ટના જણાવ્યાનુસાર અક્ષયકુમાર નવેમ્બર મહિનાથી 'વેલકમ ટુ ધ જંગલ'નું શૂટિંગ શરૂ કરવાનો છે. જે ૧૫ દિવસ સુધી ચાલશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ ફિલ્મના શૂટિંગમાં ફિલ્મની પૂરી સ્ટારકાસ્ટ જોડાવવાની છે. આગલા વરસની શરૂઆત સુધીમાં ફિલ્મનું શૂટિંગ પૂરું કરવામાં આવશે. જેથી ફિલ્મને ૨૦૨૬ના મધ્યમાં રિલીઝ કરી શકાય.અહમદ ખાનના દિગ્દર્શનમાં બની રહેવા 'વેલકમ ટુ ધ જંગલ'માં અક્ષયકુમારની સાથે સાથે સંજય દત્ત, સુનીલ શેટ્ટી, અરશદ વારસી, પરેશ રાવલ, પ્રકાશ રાજ, જેકી શ્રોફ, રામપાલ યાદવ, કૃષ્ણા અભિષેક, શ્રેયસ તલપડે, જોની લીવર, દિશા પટાણી, જેકલિન ફર્નાન્ડિસ, બોબી દેઓલ અને અનિલ કપૂર મહત્ત્વના રોલમાં જોવા મળવાના છે.'વેલકમ ટુ ધ જંગલ' એક કોમેડી ડ્રામા છે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મ પહેલા ૨૦૨૪ના ડિસેમ્બરમાં રિલીઝ થવાની હતી. આ ફિલ્મનું શૂટિંગ વારંવાર અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવ્યું હતું.આ ફિલ્મને 'વેલકમ-૩' તરીકે પણ લોકો જાણે છે.

# 'પઠાણ' બાદ હવે શાહરુખ ખાનની આ સ્પાય યુનિવર્સ ફિલ્મમાં થશે એન્ટ્રી

### 'આલ્ફા' બાદ આલિયા ભટ્ટ સંજય લીલા ભણસાલીની "લવ એન્ડ વોર"માં રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે જોવા મળશે

મુંબઈ: અભિનેત્રી આલિયા ભટ્ટ તેની આગામી ફિલ્મ "આલ્ફા"ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મ અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે, જેમાં નિર્માતાઓ ફિલ્મની આસપાસ હાઈપ વધારવા માટે YRF સ્પાય યુનિવર્સના એક મોટા સુપરસ્ટારનો કેમિયો રોલ તૈયાર કરી રહ્યા હોવાના અહેવાલ છે.નોંધનીય છે કે "ટાઈગર 3" અને મોટી ફ્લોપ સાબિત થયેલી "વોર 2" જેવી પાછલી ફિલ્મો જોઈએ તેટલી સફળ ન થતાં, નિર્માતા આદિત્ય ચોપરાએ "આલ્ફા" માં મોટા ફેરફારો કરવાનું નક્કી કર્યુ છે. ફિલ્મી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, નિર્માતાઓએ સ્પાય યુનિવર્સના સુપરસ્ટાર શાહરૂખ ખાનનો "આલ્ફા" માં કેમિયો કરાવવા માટે સંપર્ક કર્યો છે.નિર્માતાઓની યોજના છે કે શાહરૂખ ખાનનો આ કેમિયો ફિલ્મ માટે મોટો હાઈપ ઊભો કરશે અને સાથે જ તેની આગામી ફિલ્મ "પઠાણ 2" માટે પણ માર્ગ મોકળો કરશે. હાલમાં શાહરૂખ ખાન તેની બહુપ્રતિક્ષિત ફિલ્મ "કિંગ"ના શૂટિંગમાં વ્યસ્ત હોવાથી, તેણે આ બાબતે વિચાર કરવા માટે થોડો સમય માંગ્યો છે.આદિત્ય ચોપરા આ કેમિયોનું શૂટિંગ ઝડપથી પૂરું



કરવા માંગે છે, જેથી ડિસેમ્બર ૨૦૨૫માં રિલીઝ થનારી આ ફિલ્મનું કામ સમયસર પૂર્ણ થાય. શાહરૂખ નવેમ્બરના પહેલા અઠવાડિયાથી ચાર દિવસની રજા લે એવી યોજના છે.ઉલ્લેખનીય છે કે, YRF સ્પાય યુનિવર્સની આ સ્પાય થ્રિલર ફિલ્મ "આલ્ફા" આ વર્ષે ૨૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. જેમાં આલિયા ભટ્ટ, શર્વરી વાઘ અને બોબી દેઓલ જેવા કલાકારો જોવા મળશે. 'આલ્ફા' બાદ આલિયા ભટ્ટ સંજય લીલા ભણસાલીની "લવ એન્ડ વોર"માં રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે જોવા મળશે.

### અભિનેતાએ સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરતાં કરી પોસ્ટ

# 'હું ઇચ્છું છું કે, મારા કામથી લોકો મને યાદ રાખે' : પાર્થ

ટીવી એક્ટર પાર્થ સમથાન ઘણા મહિનાઓથી સોશિયલ મીડિયાથી દૂર છે. અભિનેતાએ પોતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી છે. પાર્થે લખ્યું, 'ઈન્સ્ટાગ્રામ પર હું ઘણા સમયથી અનએક્ટિવ છું, કારણ કે હું મારા જીવનમાં મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હતો, જેમાં મેં ઘણુ સહન કર્યુ.'પાર્થે વધુમાં આગળ કહ્યું કે, 'આ એક એવો સમય હતો જ્યારે હું ખૂબ જ નિરાશા અનુભવી રહ્યો હતો. એટલો નિરાશા અનુભવતો હતો કે, મને કંઈ કરવાનું મન જ નહોતું થતું. પરંતુ પછી મેં મારી જાતને સંભાળી અને વિચાર્યું કે, આ દુનિયાનો અંત ન હોઈ શકે. મારે આગળ વધવું પડશે અને કામ કરવું પડશે.''હું ઈચ્છું છું કે, મારા કામથી લોકો મને યાદ રાખે. હું ઈન્સ્ટાગ્રામ પર પાછો આવીને ખુશ છું. હવે તમે મારી પોસ્ટ્સ જોઈ શકશો. ચાહકો પાર્થની પારદર્શિતાને ખૂબ જ પસંદ કરી રહ્યા છે. તેઓ તેના જુસ્સાને સલામ કરી રહ્યા છે. દરેક વ્યક્તિનું કહેવું છે કે, તે ખૂબ જ હિંમતવાન



છે.ઉલ્લેખનીય છે કે, પાર્થ સમથાન છેલ્લે 'CID' માં જોવા મળ્યો હતો. પાર્થે ACP આયુષ્માનની ભૂમિકા ભજવી હતી.

# મુન્ના અને સર્કિટની જોડી ફરી જોવા મળશે : અરશદ વારસીએ 'મુન્ના ભાઈ 3' પર લગાવી મહોર

### ગત વર્ષે એક કાર્યક્રમમાં રાજકુમાર હિરાણીએ પણ પુષ્ટિ કરી હતી કે તેઓ 'મુન્ના ભાઈ 3' ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે

રાજકુમાર હિરાણી દ્વારા દિગ્દર્શિત અને હિન્દી સિનેમાની સૌથી યાદગાર ફ્રેન્ચાઈઝીમાંની એક, 'મુન્ના ભાઈ' સિરીઝના ચાહકો માટે એક મોટા ખુશખબર સામે આવ્યા છે. 'મુન્ના ભાઈ એમ.બી.બી.એસ.' અને 'લગે રહો મુન્ના ભાઈ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મો આપનાર સંજય દત્ત (મુન્ના) અને અરશદ વારસી (સર્કિટ) ની આઈકોનિક જોડી ફરી એકવાર મોટા પડદે જાદુ ફેલાવવા તૈયાર છે.ઈન્ડિયન એક્સપ્રેસ સાથેની વાતચીતમાં અરશદ વારસીએ સંજય દત્ત સાથેના પોતાના અનુભવો શેર કર્યા હતા. તેમણે સંજય દત્તને એક શાનદાર અભિનેતા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમની સાથે કામ કરવું હંમેશા મનોરંજક રહ્યું છે."પહેલા તો આ ફિલ્મ બની રહી નહોતી, પરંતુ હવે રાજુ (રાજકુમાર હિરાણી) આના પર ગંભીરતાથી કામ કરી રહ્યા છે. તેઓ ખૂબ જ મહેનત કરી રહ્યા છે, અને લાગે છે કે હવે ફિલ્મ ચોક્કસપણે બનશે. ચાહકોએ આ ફિલ્મની આતુરતાથી રાહ જોવી જોઈએ, કારણ કે તે અગાઉની બંને ફિલ્મો કરતાં પણ વધારે સારી બનવા જઈ રહી છે."અરશદ વારસીના આ નિવેદનને એક વર્ષ પહેલાં રાજકુમાર હિરાણીએ આપેલા નિવેદનથી સમર્થન મળે છે. ગત વર્ષે એક કાર્યક્રમમાં રાજકુમાર હિરાણીએ પણ પુષ્ટિ કરી હતી કે તેઓ 'મુન્ના ભાઈ ૩' ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, "સૌથી જરૂરી વાત એ છે કે નવો ભાગ અગાઉની ફિલ્મોથી સારો હોવો જોઈએ. હવે મારી પાસે એક ખાસ આઈડિયા છે, જેના પર હું કામ કરી રહ્યો છું."સંજય દત્ત અને અરશદ વારસીની આ જાદુઈ જોડી અને રાજકુમાર હિરાણીનું દિગ્દર્શન ફરી એકવાર મોટા પડદા પર કમાલ કરે તેની દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# અમરેલી પર વરસાદી આફત! સગર્ભાને JCBમાં લઈ જવાઈ, રાજુલામાં 50 લોકોનો બચાવ, સર્વત્ર પાણી જ પાણી







| (એજન્સી) અમરેલી, તા.27 |

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી કમોસમી વરસાદ જોવા મળી રહ્યો છે. એવામાં અમરેલીના રાજુલામાં પડેલા 6 ઈંચ વરસાદના કારણે અનેક લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે વરસાદના કારણે અમરેલીના ધાતરવાડી નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેથી અનેક ગામો સંપર્કવિહોણા બન્યા હતા. આ પૂરના પાણી વચ્ચે કુલ બે મહિલાને પ્રસવ પીડા ઉપડતાં તેમને હૉસ્પિટલ લઈ જવું અઘરું પડ્યું હતું. કોઈ વાહન ન મળતાં એક મહિલાને જીસીબીનો સહારો લઈ હૉસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યારે અન્ય મહિલાને બોટ મારફતે દરિયાઈ માર્ગે ખાડી પાર કરાવી સામા કાંઠે લાવી 108 મારફતે હોસ્પિટલ ખસેડાઈ હતી. આ સિવાય 50 જેટલા ખેત મજૂરો ફસાયાના પણ સમાચાર સામે આવ્યા હતા.

અમરેલી જિલ્લાના રાજુલા નજીક આવેલા ચાંચબંદર ગામની એક મહિલાને પ્રસુતિની પીડા ઉપડતાં તાત્કાલિક સારવારની જરૂર પડી હતી. ગામ વિક્ટર દરિયાઈ ખાડીની નજીક હોવાથી, મહિલાને બોટ મારફતે દરિયાઈ માર્ગે ખાડી પાર કરાવી સામા કાંઠે લાવવામાં આવ્યા હતા. સામા કાંઠે 108 એમ્બ્યુલન્સની ટીમ તૈયાર હતી, જેમણે સમયસૂચકતા વાપરીને મહિલાને તરત જ એમ્બ્યુલન્સમાં લીધા અને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ ઘટનામાં દરિયાઈ માર્ગની અડચણ હોવા છતાં, બોટ અને 108 ટીમની સંયુક્ત કામગીરીથી મહિલાને સમયસર મદદ મળી હતી.

બીજી તરફ ગઈકાલ રવિવારની રાત્રે રાજૂલા વિસ્તારમાં અનરાધાર વરસાદને કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાં સગર્ભા મહિલાની ડિલિવરીનો કિસ્સો સામે આવ્યો છે. સમઢીયાળા બંધારામાં પાણી આવવાને કારણે રાજુલાના ગ્રામ્ય વિસ્તારો, ખાસ કરીને ચાંચબંદર જતો માર્ગ બંધ થઈ ગયો હતો, જેના કારણે ડિલિવરી માટે હોસ્પિટલ પહોંચવામાં ભારે મુશ્કેલી ઊભી થઈ. જોકે, સ્થાનિક લોકોએ તત્પરતા દાખવીને JCBની મદદથી મહિલાને પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચેથી બહાર કાઢી અને સુરક્ષિત સ્થળે પહોંચાડી. ત્યારબાદ 108 એમ્બ્યુલન્સની ટીમે મહિલાને રાજુલા હોસ્પિટલ પહોંચાડી, જ્યાં મહામહેનતે મહિલાની સફળતાપૂર્વક ડિલિવરી કરવામાં આવી હતી. આ ઘટનામાં કુદરતી આફત વચ્ચે પણ માનવતા અને સમયસૂચકતાના કારણે માતા અને બાળક બંનેનો જીવ બચાવી શકાયો હતો.

અમરેલીના રાજુલા વિસ્તારમાં ભારે વરસાદને કારણે રામપરા અને L&T કંપની વચ્ચેના કોઝવે પર પાણીનો પ્રવાહ ખતરનાક રીતે વધી ગયો હતો. આ પૂરના પ્રવાહમાં દૂધના કેન ભરેલી એક ગાડી તણાઈ હતી. ગાડી પાણીના તેજ પ્રવાહમાં ખેંચાઈ ગઈ, પરંતુ સદનસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો. સ્થાનિક લોકો અને બચાવ ટીમે મહામહેનત કરીને દોરડાની મદદથી મૃત્યુ સામે ઝઝૂમી રહેલા ડ્રાઈવરને સુરક્ષિત રીતે પૂરના પ્રવાહમાંથી બહાર કાઢ્યો હતો.

બીજી બાજું અમરેલીના ધાતરવાડી નદીમાં આવેલા પૂરના કારણે ઉંચેયા ગામ સંપર્ક વિહોણું બન્યું હતું. અહીં ખેતરોમાં પાણી ફરી વળતા અંદાજે 50 જેટલા ખેતમજૂરો વાડીમાં ફસાયા હતા. ઘટનાની જાણ થતાં ધારાસભ્ય હીરા સોલંકી પોતે કેડસમા પાણીમાં ચાલીને પીપાવાવ મરીન પોલીસ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કામગીરીમાં મદદ કરી હતી. સમયસર તાત્કાલિક મદદ મળવાના કારણે 50 જેટલા લોકોનો સફળ બચાવ કરી શકાયો અને તમામને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા. ધારાસભ્યની સમયસૂચકતા અને વહીવટી તંત્રની મદદથી મોટી જાનહાનિ થતાં ટળી હતી.

# જામનગરમાં એક ખાનગી કંપનીએ ઊંચું વળતર આપવાના સપના દેખાડી કરોડો રૂપિયા રોકાણકારો પાસેથી ખંખેરી લીધા

| (એજન્સી) જામનગર, તા.27 |

જામનગર શહેરમાં ખાનગી કંપનીએ રોકાણ કરી વધુ નફો મેળવવાની લાલચ આપીને કરોડો રૂપિયા જામનગર શહેર જિલ્લાના અનેક રોકાણકારો પાસેથી મેળવી લીધા બાદ પાકતી મુદતે નાણાં નહીં આપી છેતરપિંડી કરી હોવાથી એજન્ટ સહિતના અનેક રોકાણકારો રસ્તા પર ઉતર્યા છે, અને તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી રહી છે.

જામનગર શહેરના પંચેશ્વર ટાવર પાસે આવેલી યૂનીક મર્કેન્ટાઈલ નામની કંપની દ્વારા રોકાણ માટે લોભામણી અનેક સ્કીમો બહાર પાડવામાં આવી હતી. જે




કંપનીમાં એજન્ટો મારફત શહેરભરમાં જુદા જુદા વિસ્તારોના મોટી સંખ્યામા લોકોએ પોતાની બચતમાંથી રોકાણ કર્યું હતું.

પરંતુ પાકતી મુદતે રોકાણકારોને પૈસા પરત આપવામાં આવ્યા ન હતા. જેથી અગાઉ પણ રોકાણકારોના દેકારાના કારણે કંપનીના અધિકારીઓએ પૈસા આપી દેવાની ખાતરી આપી હતી. જેથી મામલો થાળે પડયો હતો.

પરંતુ તેને બે થી ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં રોકાણકારોને પૈસા પરત મળ્યા નથી. જેથી રોકાણકારોએ એકઠા થઈને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. અને પોલીસમાં ગુનો નોંધાવવા તજવીજ હાથ ધરવામાં આવી રહી છે. જેથી પોલીસે પણ આ અંગે ઉંડાણ પૂર્વકની તપાસ હાથ ધરીને ગુનો નોંધવાની કાર્યવાહી આરંભી છે. જે કંપની દ્વારા કરોડોનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનિય છે કે યુનિક કંપનીના સંચાલકો સામેં અમદાવાદ સહિત અન્ય શહેરોમાં પોલીસ ફરિયાદ નોંધાઈ ચુકી છે જેથી જામનગરમાં પણ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે, તેવી એજન્ટો અને રોકાણકારો તંત્ર સમક્ષ માગણી કરી રહ્યા છે.

# વડોદરામાં રૂપિયાની ઉઘરાણી કરતા જ યુવકને ચપ્પુના ઘા ઝીંક્યા, પત્નીને પણ માર માર્યો

| (એજન્સી) વડોદરા, તા.27 |

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં રૂપિયાની ઉઘરાણી બાબતે એક યુવક તેમજ તેની પત્ની ઉપર હુમલાનો બનાવ બનતા પોલીસે ત્રણ ભાઈઓ સામે ગુનો દાખલ કર્યો છે.

સયાજી જુલતા પુલ પાસે રહેતા જહીર ગાયકવાડે પોલીસને કહ્યું છે કે, તા.25મી એ સાંજે હું રેલવે લાઈન પાસે હતો તે દરમિયાન અકોટાનો ઈકરાન બંદા આવ્યો હતો. જેથી મેં તેને અગાઉ આપેલા રૂ.1200 પરત માંગતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલવા માંડ્યો હતો.

તેણે ફોન કરી તેના ભાઈઓને બોલાવતા ઈરબાજ અને ઈમરાન પણ આવી ગયા હતા અને તેમણે મને માર માર્યો હતો. આ દરમિયાન ઈમરાને મને માથા તેમજ બગલના ભાગે ચપ્પુના ઘા માર્યા હતા. જ્યારે મારી પત્ની આવી જતા એકરાને તેને પણ લાફા માર્યા હતા. પોલીસે ત્રણેય જણા સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ચિંતાજનક સ્થિતિ: ગુજરાતમાં 21 ટકા બાળકો પ્રિ-ડાયાબિટિક, દેશની સરેરાશ કરતાં બમણું પ્રમાણ

| (એજન્સી) અમદાવાદ, તા.27 |

ગુજરાતમાં ડાયાબિટિસના વધતા જતા કેસ ચિંતાનો વિષય બન્યા છે. 3 કરોડથી વધુ વસતીમાં સૌથી વધુ ડાયાબિટિસના દર્દીઓમાં સૌથી વધુ મહિલા દર્દી હોય તેમાં ગુજરાત ચોથા અને પુરુષ દર્દીઓને મામલે પાંચમાં સ્થાને છે. માત્ર વયસ્કો જ નહીં પણ બાળકોમાં પણ ડાયાબિટિસના કેસ વધી રહ્યા છે. હાલ ગુજરાતમાં 10થી 19ની વયજૂથમાં 20.90 ટકા લોકો પ્રિ-ડાયાબિટિક હોવાનું સામે આવ્યું છે.

મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન દ્વારા તાજેતરમાં 'ચિલ્ડ્રન ઈન ઈન્ડિયા 2025'નો અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. વર્ષ 2016થી 2023 વચ્ચેના આરોગ્ય, પોષણ અને શિક્ષણના આંકડાના આધારે તૈયાર આ અહેવાલમાં ગુજરાતના બાળકો ડાયાબિટીસ માટે સૌથી વધુ સંવેદનશીલ હોવાનું બહાર આવ્યું છે. આ અહેવાલ અનુસાર ગુજરાતમાં 10થી 19 વર્ષની ઉંમરના 2.9 ટકા બાળકો ડાયાબિટીસથી પીડિત છે, જે દેશના સરેરાશ 0.6 ટકા કરતાં પાંચ ગણીથી વધુ છે. આ વયજૂથમાં 20.9 ટકા બાળકો પ્રિ-ડાયાબિટિક કેટેગરીમાં આવે છે. 5થી 9 વર્ષની ઉંમરમાં પણ 20.8 ટકા બાળકો પ્રિ-ડાયાબિટિક હોવાનું નોંધાયું છે. આ આંકડા દર્શાવે છે કે નાના બાળકોમાં પણ ડાયાબિટીસની શરૂઆતનું જોખમ ઝડપથી વધી રહ્યું છે. એવી પણ ચોંકાવનારી વિગતો આ અહેવાલમાં સામે આવી છે કે ગુજરાતમાં બાળકોમાં



હાઈપરટેન્શન (6.4%), હાઈ કોલેસ્ટરોલ (4.4%), હાઈ ટ્રાયગ્લિસરાઈડ્સ (17.4%) અને લો એચડીએલ (25.4%) જેવી તકલીફો પણ નોંધાઈ છે, જે ડાયાબિટીસ અને હૃદયરોગના જોખમને વધારતા પરિબળો છે.

નિષ્ણાતોના મતે અનિયમિત ખોરાકની ટેવો, વધુ પડતું જંકફૂડ સેવન, કસરતનો અભાવ, સ્ક્રીન ટાઈમમાં વધારો અને બહાર રમવાની સંસ્કૃતિમાં ઘટાડાથી આ પરિસ્થિતિ પેદા થઈ રહી છે. બાળકો મોબાઈલ કરતાં રમતના મેદાન પર પૂરતો સમય આપે તે ખૂબ જરૂરી થઈ ગયું છે. ગુજરાત માટે આ અહેવાલ ચેતવણીરૂપ છે. કેમકે, આજના બાળકોમાં ડાયાબિટિસનું બીજ, આવનારા સમયમાં રાજ્ય માટે આરોગ્યસંકટ રૂપ બની શકે છે. અમદાવાદીઓ દ્વારા દરરોજ સરેરાશ 25.90 ગ્રામ ખાંડનું સેવન કરવામાં આવે છે. ખાંડનું દરરોજ સૌથી વધુ સેવન કરવામાં મુંબઈ 26.30 ગ્રામ સાથે પ્રથમ સ્થાને, અમદાવાદ બીજા સ્થાને, દિલ્હી 23.20 ગ્રામ સાથે ત્રીજા સ્થાને, બેંગાલુરુ 19-30 ગ્રામ સાથે ચોથા સ્થાને, કોલકાતા 17.10 ગ્રામ સાથે પાંચમાં, ચેન્નાઈ 16.10 ગ્રામ સાથે છઠ્ઠા જ્યારે હૈદરાબાદ 15.50 ગ્રામ સાથે સાતમાં સ્થાને છે.

# ઠાસરાના પુરુષની હત્યા કરી લાશ અવાવરું જગ્યાએ ફેંકી દેનાર 2 આરોપી ઝડપાયા

| (એજન્સી) અંકલેશ્વર, તા.27 |

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ અને ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે પિરામણ ગામમાં ઝાડીઝાંખરા વાળી અવાવરુ જગ્યામાં મળેલા અજાણ્યા પુરુષના ખૂનનો ભેદ ઝડપથી ઉકેલી લીધો છે.

તા. ૨૧ ઓક્ટોબરના રોજ પિરામણ ગામમાં નવીનગરી સામે અજાણ્યા પુરુષના માથાના ભાગે ગંભીર ઈજા સાથે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. તેને આરોગ્ય માટે પહેલા ભરૂચ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યારબાદ વડોદરા એસએસજી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.પોલીસ તપાસમાં મૃતકની ઓળખ વિષ્ણુ કુમાર ગણપતિસિંહ રાઠોડ (મૂળ રહે.નાના કોતરીયા, તા.ઠાસરા, જિ. ખેડા) થઈ હતી. મૃતકના ભાઈએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપ્યા બાદ ગુનો નોંધાયો હતો. પ્રથમ હત્યાની કોશિશનો ગુનો નોંધાયો હતો પરંતુ ઈજાગ્રસ્તના મૃત્યુ બાદ ગુનામાં ખૂનની કલમ ઉમેરાઈ હતી. અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા શંકાસ્પદ શખ્સોની ઓળખ કરી પૂછપરછ દરમિયાન એક કિશોર (ઉ.વ.૧૬ વર્ષ ૯ મહિના) અને તેનો ભાઈ (રહે.મૂળ મધ્યપ્રદેશ) સામે ગુનો દાખલ કર્યો હતો.આ બંનેએ મોબાઈલના પૈસાના વિવાદને લઈ મળી ગુનો કર્યાની કબૂલાત આપી હતી.મુખ્ય આરોપીને તેની સાસરી જી. જાબુઆ (મ.પ્ર.) ખાતેથી ઝડપી લાવી સઘન પૂછપરછ બાદ કાર્યવાહી શરૂ કરી છે.હાલ આ ગુનાની વધુ તપાસ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ કરી રહી છે.





**નૂતન વર્ષાભિનંદન**

કડાણા તાલુકા પેન્શનર્સ મંડળ તેમજ
સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંતરામપુર - કડાણા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી વાઘાભાઈ કે. ડામોર
મો. ૯૯૦૯૫ ૬૩૮૩૩ ઝાલાસણ,
સંતરામપુર, કડાણા તાલુકા ખ.વે.સંઘ
તેમજ સંતરામપુર એપીએમસી ડિરેક્ટર
તાલુકા પ્રમુખ કડાણા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી હસમુખભાઈ પી. પંચાલ
જ્યોત્સનાબેન એચ. પંચાલ
બ્રિજેશ, પારૂલ, ધ્રુવ,
મો. ૯૯૧૩૮ ૬૬૭૩૧
મુ.મુનપુર તા. કડાણા, જી. મહિસાગર

**નૂતન વર્ષાભિનંદન**

શ્રીમતી નાનીબેન નરેશભાઈ પટેલ
મો. ૯૭૩૭૦ ૬૮૬૫૨
ઉપ સરપંચ મુનપુર ગ્રુપ ગ્રામ પંચાયત
મુ. લીમપુર તા. કડાણા, જિ. મહિસાગર

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી વિપુલભાઈ સી. રાવલ
મો. ૯૭૧૨૩૨૭૧૨૩ આર.કે. મોટર્સ
સ્ટોકિસ્ટ - જે.કે. અંબુજા, વંડર સિમેન્ટ
રૂક્ષ, ટી.એમ.ટી. સળીયા, પ્લાસ્ટો પાણીની ટાંકી,
કડાણા રોડ - દિવડા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી હર્ષ ધીરેનકુમાર જોષી
વકીલ (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૪૨૮૭ ૫૫૬૮૭
ઓફિસ - (૧) સિવિલ કોર્ટ સામે, ગોવર્ધન કોમ્પ્લેક્ષ
સંતરામપુર, (૨) કડાણા - દિવડા રોડ, કડાણા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી પ્રદિપસિંહ પુવાર
મો. ૯૪૨૮૨ ૯૩૭૪૭
દુધ, દહિ, શુધ્ધ ઘી, છાશ, પનીર, મઠો,
શ્રીખંડ, પેંડા, આઈસ્ક્રીમ, બટર, કેકના વિક્રેતા
ગોપાલ ડેરી, દિવડા કોલોની

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી મહેન્દ્રભાઈ પારગી
મહાવીર ગેસ વેલ્ડીંગ મો. ૮૭૫૮૯ ૦૭૪૫૧
ગેસ કટર, વેલ્ડીંગ, બારી-બારણા બનાવનાર
મુ. દિવડાગામ ચોકડી

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી પરેશકુમાર કોદરભાઈ પટેલ
ગર્વમેન્ટ એપ્રુવ કોન્ટ્રાક્ટર
તમામ સિવીલ કામો માટે
મો. ૯૪૨૭૦ ૭૭૦૨૪ મુ.લીમપુર તા. કડાણા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી જયપ્રકાશ આર. પંડ્યા (પ્રમુખ)
પ્રદેશ કારોબારી સભ્ય રાજ્યકક્ષા
યશપાલસિંહ કે. પુવાર (મહામંત્રી)
શ્રી કે.વી.કે.મં.સંચાલીત કે.વી.એસ.
અને એન.વી.એસ. હાઈસ્કુલ
કડાણા અને વેલણવાડા, ક.વિ.મા.
પછાત વર્ગ કુમાર છાત્રાલય, કડાણા

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી ભરતકુમાર અંબાલાલ પંડ્યા
એ/૬ દિવડા કોલોની તા. કડાણા
જી. મહિસાગર મો. ૯૪૨૯૦૫૫૨૭૮
પત્રકાર - ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
પરોઢ સાપ્તાહિક ન્યુઝ કડાણા, તા. સંતરામપુર
સહમંત્રી, સહકાર ભારતી મહિસાગર જિલ્લો
કારોબારી સભ્ય - નિ.ક.પેન્શનર્સ મંડળ






કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રણજી ટ્રોફી મેચના ત્રીજા દિવસે ગુજરાતના ચિંતન ગજાને આઉટ કર્યા પછી બંગાળના શાહબાઝ અહેમદ સાથી ખેલાડીઓ સાથે ઉજવણી કરે છે.

ન્યૂઝ બ્રિફ

## ધૂમ સ્ટાઈલમાં કરી હતી પેરિસ મ્યુઝિયમમાં ચોરી



### પેરિસના લૂવર મ્યુઝિયમમાંથી નેપોલિયનના ઐતિહાસિક ઘરેણાં ચોરોએ ચોરીને બધાને ચોંકાવી દીધા હતા

। (એજન્સી) પેરિસ, તા.૨૭ ।

પેરિસના લૂવર મ્યુઝિયમમાં તાજેતરમાં થયેલી લૂંટમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. લૂવર મ્યુઝિયમમાંથી કિંમતી રત્નો ચોરવાના આરોપમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે. લૂવર મ્યુઝિયમમાંથી ચોરોએ થોડીવારમાં જ લગભગ ૧૦૨ મિલિયન ડોલરની ચોરીને અંજામ આપ્યો હતો. જો કે, પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા યુવકોની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. લૂવર મ્યુઝિયમમાંથી નેપોલિયનના ઐતિહાસિક ઘરેણાં ચોરીને ચોરોએ બધાને ચોંકાવી દીધા હતા. ૧૯ ઓક્ટોબરના રોજ લિફ્ટ દ્વારા લૂવર મ્યુઝિયમમાં પહોંચેલા ચોરોએ આ ચોરીને અંજામ આપ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ચોરો લૂવર મ્યુઝિયમના પહેલા માળની બાલ્કનીમાં ચઢી ગયા હતા, જ્યારબાદ તેઓએ બારી તોડી નાખી. આટલું જ નહીં, તેઓએ ચોરીને અંજામ આપવા માટે પ્રદર્શન બોક્સને પણ તોડી નાખ્યું હતું. ત્યારબાદ ચોર ત્યાંથી ૧૯મી સદીના નેપોલિયનિક મોંઘા અને ઐતિહાસિક ઘરેણાં લઈને નાસી છૂટ્યા હતા.

હોલીવુડ અભિનેતા જ્યોર્જ ક્લુનીએ પેરિસના લૂવર મ્યુઝિયમમાં થયેલી ચોરી અંગે મોટું નિવેદન આપ્યું છે. પોતાની ફિલ્મ જે કેલીનું પ્રમોશન કરી રહેલ ૬૪ વર્ષીય ક્લુનીએ કહ્યું કે, તેમને ચોરો પર "ગર્વ" છે. જો કે, તેમણે મજાકમાં એમ પણ કહ્યું કે, તેઓ તેમની આગામી ઓશન્સ ફિલ્મમાં લૂવર મ્યુઝિયમ લૂંટવા માંગે છે.

ફ્રાન્સનું ઐતિહાસિક લૂવર મ્યુઝિયમ બુધવારે સવારે ફરી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. ત્રણ દિવસ પહેલા લૂવર મ્યુઝિયમમાં ચોરોએ બારી તોડીને અંદર ઘૂસી ગયા હતા અને અમૂલ્ય અને ઐતિહાસિક ઘરેણાં ચોરી ગયા હતા. લૂવર મ્યુઝિયમમાં થયેલી આ મિલિયન રૂપિયાની ચોરી મોના લિસા પેઈન્ટિંગથી માત્ર ૨૫૦ મીટર દૂર થઈ હતી. આ ચોરીમાં ચોરોએ નેપોલિયનના ઘરેણાં ચોરી લીધા હતા, જેમાં કેટલાક નેપોલિયન સાથે સંકળાયેલા ઐતિહાસિક દાગીનાનો પણ સમાવેશ થાય છે.

### ભારત-આસિયાનના સંબંધોમાં પ્રગતિ થઈ : મોદી

# પીએમ મોદીએ આસિયાન-ભારત સમિટમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો

### આસિયાન સાથેના ભારતના સંબંધોને ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભાગીદારીના મજબૂત બંધન તરીકે ઓળખાવ્યા

। (એજન્સી) કુઆલાલંપુર, તા.૨૭ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે (૨૬મી ઓક્ટોબર) મલેશિયાના કુઆલાલંપુરમાં આયોજિત આસિયાન-ભારત સમિટમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે આસિયાન સાથેના ભારતના સંબંધોને માત્ર ભૌગોલિક નહીં, પરંતુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક ભાગીદારીના મજબૂત બંધન તરીકે ઓળખાવ્યા હતા. તેમમે સફળ અધ્યક્ષપદ માટે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે, મને મારા આસિયાન પરિવારને ફરી એકવાર મળવાની તક મળી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને આસિયાનની વ્યાપક ભાગીદારીના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, ભારત અને આસિયાન એકસાથે વિશ્વની લગભગ એક ચતુર્થાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. આપણે ફક્ત ભૂગોળ દ્વારા જ નહીં પરંતુ ઊંડા ઐતિહાસિક સંબંધો અને સહિયારા મૂલ્યો દ્વારા પણ જોડાયેલા છીએ. આપણે ફક્ત વેપાર જ નહીં, પરંતુ સાંસ્કૃતિક ભાગીદારો પણ છીએ.

ભારપૂર્વક પીએમ મોદીએ કહ્યું કે, આસિયાન ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીનો મુખ્ય આધારસ્તંભ છે. ભારતે હંમેશા આસિયાનની કેન્દ્રીયતા (ASEAN Centrality) અને ઈન્ડો-પેસિફિક પર આસિયાનના આઉટલુકને સંપૂર્ણ સમર્થન આપ્યું છે.

પીએમ મોદીએ અનિશ્ચિતતાના વર્તમાન સમયગાળામાં પણ ભારત-આસિયાન વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સતત પ્રગતિની પ્રશંસા કરી. તેમણે કહ્યું, આપણી મજબૂત ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને વિકાસ માટે એક શક્તિશાળી પાયા તરીકે ઉભરી રહી છે.

આસિયાન સમિટની થીમ ઈનફ્લૂસેવિટી એન્ડ સસ્ટેનેબિલિટીને પણ સમર્થન આપતા તેમણે કહ્યું કે, આ થીમ ડિજિટલ સમાવેશ હોય કે ફુડ સિક્ટોરિટી અને રિસિલિયન્ટ સપ્લાય ચેન સુનિશ્ચિત કરવી. તમામ સહિયારા પ્રયાસોમાં સ્પષ્ટપણે જોવા મળે છે, અને ભારત આ દિશામાં સાથે મળીને આગળ વધવા પ્રતિબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે, વિદેશ મંત્રી એસ. જયશંકર ૨૭મી ઓક્ટોબરે કુઆલાલંપુરમાં યોજાનારી ૨૦મી પૂર્વ એશિયા સમિટમાં પ્રધાનમંત્રી વતી ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આસિયાનમાં ભારત, અમેરિકા, ચીન, જાપાન અને ઓસ્ટ્રેલિયા સહિતના ઘણાં મોટા દેશો સંવાદ ભાગીદારો છે.

### ચાંદીમાં તેજીનો ફુગ્ગો ફૂટ્યો

# ચાંદીમાં એક અઠવાડિયામાં ભાવ રૂ.૨૫૦૦૦ સુધી તૂટ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

છેલ્લા એક અઠવાડિયામાં સોના અને ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. ચાંદીના ભાવ સતત ઓલટાઈમ હાઈ નોંધાવ્યા બાદ ગયા અઠવાડિયાથી મંદીનો સામનો કરી રહ્યા છે. માત્ર સાત દિવસમાં ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ રૂ. ૨૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ માત્ર MCX પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો થયો છે. તાજેતરમાં, ચાંદી રૂ. ૧.૮૦ લાખના આંકને પાર કરી ગઈ હતી, પરંતુ હવે તે તેની ટોચથી નોંધપાત્ર રીતે રૂ. ૨૫,૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રાની સપાટીએ પહોંચી છે. ચાલો આ ઘટાડા પાછળના મુખ્ય કારણો જાણીએ.

જ્યારે સોનું સતત ઘટી રહ્યું છે, ત્યારે બીજી કિંમતી ધાતુ, ચાંદીનો ભાવ પણ ઘટી રહ્યો છે. ૧૬ ઓક્ટોબરે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીનો ભાવ રૂ. ૧,૬૭,૬૬૩ પ્રતિ કિલોગ્રામ હતો. જોકે, શુક્રવારે, MCX પર ૧ કિલો ચાંદીનો વાયદા ભાવ રૂ. ૧,૪૭,૧૫૦ થયો હતો. તે મુજબ, માત્ર સાત ટ્રેડિંગ દિવસોમાં ચાંદી રૂ. ૨૦,૫૧૩ પ્રતિ કિલોગ્રામ ઘટી છે.




ચાંદીના ભાવમાં માત્ર મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર જ નહીં પરંતુ સ્થાનિક બજારમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA.com) પર અપડેટેડ દરો પર નજર કરીએ તો, ૧૬ ઓક્ટોબરે ચાંદીનો ભાવ ૧,૬૮,૦૮૩ પ્રતિ કિલો હતો, જે અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે ઘટીને ૧,૪૭,૦૩૩ પ્રતિ કિલો થયો છે. પરિણામે, તેની કિંમત ૨૧,૦૫૦ પ્રતિ કિલો ઘટી ગઈ છે. અમદાવાદ સોની બજારમાં ચાંદી તેની રૂ. ૧.૮૦ લાખની ટોચેથી રૂ. ૨૫૦૦૦ ઘટી રૂ. ૧.૬૫ લાખ પ્રતિ કિગ્રા થઈ છે. ચાંદીના ભાવમાં ઘટાડા માટે ફક્ત એક નહીં પરંતુ અનેક કારણો છે. પહેલું કારણ દિવાળી અને ધનતેરસના તહેવારો પછી માંગમાં ઘટાડો છે, જેના કારણે ભાવ પર દબાણ આવ્યું છે.

## નીતીશ કુમારે પૂર્વમંત્રી અને ૧૧ ધારાસભ્યોને JDU માંથી કર્યા સસ્પેન્ડ




। (એજન્સી) પટના, તા.૨૭ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા નીતીશ કુમારની પાર્ટી જેડીયુએ આ મોટું પગલું ભર્યું છે. પક્ષ વિરુદ્ધ જઈને કામ કરનારા ૧૧ લોકોને પાર્ટીમાંથી નિલંબિત કરવામાં આવ્યા છે. આ લોકોમાં બિહારના પૂર્વ મંત્રી ગ્રામીણ કાર્ય વિભાગ અને જમાલપુરના ધારાસભ્ય શૈલેષ કુમાર પણ શામેલ છે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની સામાન્ય ચૂંટણીઓના સંદર્ભમાં, જનતા દળ (યુનાઈટેડ) એ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને આચાર સંહિતાના ઉલ્લંઘનને કારણે કેટલાક નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે. પાર્ટીએ આ માટે એક માહિતી પત્ર પણ જાહેર કર્યો છે. આ પત્ર પ્રદેશ મહાસચિવ અને મુખ્ય મથક પ્રભારી ચંદન કુમાર સિંહે બહાર પાડ્યો છે. આ લોકોને બહારનો રસ્તો બતાવાયો...

પાર્ટી દ્વારા શેર કરવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આ નેતાઓની વિચારધારા પક્ષના વિપરીત કાર્યો કરવાની હતી. આ કારણોસર, તેમને તાત્કાલિક અસરથી પાર્ટીની પ્રાથમિક સભ્યપદમાંથી નિલંબિત કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી પાર્ટીમાં અનુશાસનની સ્થિતિ મજબૂત થશે. આવનારી ચૂંટણીઓમાં પણ પાર્ટીની છબી પર તેની સકારાત્મક અસર જોવા મળશે.

## ઉત્તરાખંડની સરકારે 3% મોંઘવારી ભથ્થું વધાર્યું




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે બંગાળની ખાડીમાં આ ભયંકર ચક્રવાત આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં વિકાસ પામતું ચક્રવાત મોન્થા એક ઉષ્ણકટિબંધીય તોફાન ઉઠ્યું છે અને આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાની નજીક આવતાં તે ખૂબ જ તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જવાની ધારણા છે. હવામાન વિભાગ અનુસાર, ચક્રવાત મોન્થા મંગળવાર (૨૮ ઓક્ટોબર, ૨૦૨૫) ની સાંજે અથવા રાત્રે આંધ્ર પ્રદેશના કાકીનાડા દરિયાકાંઠા નજીક લેન્ડફોલ કરે તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચેતવણી જારી કરી છે કે બંગાળની ખાડીમાં બનેલું દબાણ સોમવારે સવારે (૨૭ ઓક્ટોબર, ૨૦૨૫) ચક્રવાતમાં પરિવર્તિત થઈ શકે છે અને મંગળવાર (૨૮ ઓક્ટોબર, ૨૦૨૫) સાંજે કે રાત્રે કાકીનાડા નજીક આંધ્રપ્રદેશના દરિયાકાંઠે માછલીપટ્ટનમ અને કલિંગપટ્ટનમ વચ્ચે લેન્ડફોલ કરે તેવી શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે ચક્રવાત ખૂબ જ ગંભીર ચક્રવાતી તોફાન તરીકે પણ લેન્ડફોલ કરી શકે છે. IMD એ આ ગંભીર ચક્રવાત અંગે ઘણા રાજ્યો માટે ચેતવણી જારી કરી છે. વિભાગે જણાવ્યું છે કે આ ગંભીર ચક્રવાતને કારણે આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ આગાહી છે. પૂર્વ-મધ્ય અરબી સમુદ્રમાં રચાયેલ ડિપ્રેશન ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું છે અને શનિવારે (૨૫ ઓક્ટોબર, ૨૦૨૫) તે ગોવાના પણજીથી લગભગ ૩૮૦ કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમમાં, મહારાષ્ટ્રની રાજધાની મુંબઈથી ૪૦૦ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં, કર્ણાટકના મેંગલુરુથી ૬૨૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં અને લક્ષદ્વીપના અમીનિદિવીથી ૬૪૦ કિલોમીટર ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં સ્થિત હતું.

# આંતરરાજ્ય જોબ ફ્રોડનો પર્દાફાશ: નકલી સરકારી ઓફર લેટર્સથી છેતરપિંડી, ઝારખંડના મુખ્ય આરોપીની ધરપકડ






| (એજન્સી) અમદાવાદ, તા.27 |

અમદાવાદ શહેર પોલીસની સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય નોકરીની લાલચ આપીને રેકેટ ચલાવનાર મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપી દ્વારા નકલી ઈન્કમટેક્સ ઓફિસર તરીકેની ઓળખ આપીને ઈન્કમટેક્સ, રેલવે અને ભારતીય ફૂડ વિભાગ જેવા અલગ-અલગ શાખામાં નોકરી આપવાના બહાને નકલી નિમણૂકોની ઓફર કરીને છેતરપિંડી આચરવામાં આવતી હતી. સમગ્ર મામલે અમદાવાદ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. નકલી સરકારી ઓફર લેટર્સથી નોકરી ઈચ્છુક લોકો સાથે છેતરપિંડી કરનારા એક વ્યક્તિને ઝારખંડથી ધરપકડ કરીને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ઝારખંડના ધનબાદના રહેવાસી અમન કુમાર (ઉં.વ.36)એ કથિત રીતે નકલી સરકારી ડોમેન બનાવ્યા હતા અને સરકારી નોકરીઓ આપવાના બહાને અનેક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવીને છેતરપિંડી કરી હતી. પોલીસે બાતમીના આધારે આરોપીને ધનબાદથી ધરપકડ કરવામાં આવી હતી અને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પોલીસે વધુ પૂછપરછ માટે આરોપીની આઠ દિવસની કસ્ટડી મેળવી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી અમન કુમારે ઈન્કમટેક્સ ઓફિસર તરીકે ઓળખ આપી હતી અને સરકારી નોકરી માટે તૈયારી કરી રહેલી એક મહિલા ફરિયાદીનો સંપર્ક કર્યો હતો. આરોપીએ ઈન્કમટેક્સ વિભાગના નામવાળી બનાવટી ઈ-મેઈલ આઈડીનો ઉપયોગ કર્યો હતો. જેમાં ફરિયાદીને કર્ણાટક અને ગોવા, બેંગલુરુના મુખ્ય ઈન્કમટેક્સ કમિશનર દ્વારા કથિત રીતે સહી કરાયેલી નકલી નિમણૂક પત્ર મોકલ્યો હતો. આરોપીએ અન્ય શખસો સાથે મળીને ફરિયાદી સહિતના લોકો સાથે છેતરપિંડી કરી હતી. જેમાં નોકરી મેળવવા માંગતા લોકોનો સંપર્ક કરીને બેંગલુરુ અને કોલકાતામાં નકલી ઈન્ટરવ્યુ અને ટ્રેનિંગ યોજવામાં આવી હતી. જેમાં ઉમેદવારો પાસેથી પ્રોસેસિંગ ફી અને વેરિફિકેશન ચાર્જના નામે લાખો રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીએ ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો હતો અને ટેલી અને કમ્પ્યુટર એકાઉન્ટિંગનો કોર્સ પૂર્ણ કર્યો હતો. આરોપીએ અલગ-અલગ સરકારી વિભાગોના નકલી ડોમેનનો ઉપયોગ કરીને સાયબર નેટવર્ક ચલાવતો હતો, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે: પોલીસ રેકોર્ડમાં જાણવા મળ્યું હતું કે, આરોપી અમનની અગાઉ 2023માં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI), મુંબઈ દ્વારા નોકરી કૌભાંડ માટે ધરપકડ કરવામાં આવી હતી, જેમાં તેણે 'રૂપેશ' તરીકે ઓળખ આપી હતી અને કેન્દ્ર સરકારના વિભાગોમાં નોકરી આપવાનું વચન આપીને ઓછામાં ઓછા 18 યુવાનો સાથે છેતરપિંડી કરી હતી. ત્યારબાદ CBIએ ધનબાદ અને પટનામાં દરોડા દરમિયાન નકલી સરકારી સીલ, નિમણૂક પત્રો અને રૂ.14 લાખથી વધુ રોકડ જપ્ત કરી હતી. CBI કેસમાં જામીન પર છૂટ્યા બાદ આરોપીએ ફરીથી છેતરપિંડી કરવાનું શરૂ કર્યું હતું. અમદાવાદ સાયબર ક્રાઈમના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCRP) પર તેના બેંક ખાતાઓ સાથે જોડાયેલી 100 થી વધુ ઓનલાઈન ફરિયાદો મળી આવી છે.

આરોપીઓએ આર્થિક રીતે નબળા વ્યક્તિઓના બેંક ખાતાઓનો ઉપયોગ કર્યો હતો. જેમાં ખાતેદારને છેતરપિંડી કરાયેલા ફંડમાંથી અમુક રકમ કમિશન ચૂકવવામાં આવતી હતી.

સાયબર ક્રાઇમ અધિકારીએ જણાવ્યું હતું કે, 'આરોપી સરકારની સત્તાવાર વેબસાઈટ જેવી જ વેબસાઈટ માટે નકલી ડોમેન અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરતો હતો. અમારી ટીમો તેના નાણાકીય ટ્રેલ્સ શોધી રહી છે અને રેકેટમાં સામેલ અન્ય સાથીદારોને ઝડપી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## બિહારની જેમ ગુજરાતમાં પણ SIR શરુ કરશે ચૂંટણીપંચ, મતદાર યાદીમાં સુધારણા માટે તડામાર તૈયારીઓ

| (એજન્સી) ગાંધીનગર, તા.27 |

કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાર યાદીમાં સુધારણા અને ડુપ્લિકેટ મતદારોની ઓળખ કરવા માટે કવાયત હાથ ધરી છે, જે હવે બિહાર બાદ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ શરુ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, દિવાળીની વિદાય બાદ ગુજરાતમાં પણ મોટાપાયે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય ચૂંટણીપંચ ટૂંક સમયમાં જ આ અંગે જાહેરાત કરી શકે છે.

SIR પ્રક્રિયાનો મુખ્ય હેતુ મતદાર યાદીને સંપૂર્ણપણે અપડેટ કરી ડુપ્લિકેટ મતદારોને દૂર કરવાનો છે. આ ઉપરાંત ગેરકાયદે વસાહતોની ઓળખ કરીને વિદેશી નાગરિકોને મતદાર યાદીમાંથી દૂર કરવાની કામગીરી પણ કરાશે. સમગ્ર પ્રક્રિયા પાછળનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે મતદાર મૂળ ભારતીય નાગરિક છે કે નહીં. ગુજરાતમાં આ SIR પ્રક્રિયા હેઠળ મતદાર યાદી સુધારણા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતની બધી જ વિધાનસભા બેઠકોમાં બૂથ લેવલ ઑફિસરની નિમણૂક કરવાની કવાયત શરુ કરી દેવાઈ છે. બૂથ લેવલ ઑફિસર ઘર-ઘર સુધી પહોંચીને મતદારની ઓળખ કરશે અને નવા મતદારોને યાદીમાં સામેલ કરવાની કામગીરી પણ કરશે. મતદાર યાદીના સુધારણાને લઈને અધિકારીઓને તાલીમ આપવાની કામગીરી પણ શરુ કરી દેવામાં આવી છે.

## અમદાવાદમાં ટ્રિપલ અકસ્માતમાં 3ના મોત

| (એજન્સી) અમદાવાદ, તા.27 |

અમદાવાદ જિલ્લાના કણભા નજીક અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર સોમવારે (27 ઓક્ટોબર) વહેલી સવારે ને ગમખ્વાર ટ્રિપલ અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોનાં મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે 15થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે અને મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

પ્રાથમિક માહિતી મુજબ, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતની શરૂઆત કાર અને એક લક્ઝરી બસ વચ્ચે ટક્કર થવાથી થઈ હતી. પહેલાં અકસ્માત બાદ બંને વાહનોના ડ્રાઈવરો રસ્તા પર ઊતરીને સમાધાનની વાત કરી રહ્યા હતા. આ સમયે લક્ઝરી બસમાંથી પણ કેટલાક મુસાફરો નીચે ઊતર્યા હતા. તે જ સમયે પાછળથી અચાનક ધસી આવેલી અન્ય એક ટ્રક રોડ પર ઊભેલા આ મુસાફરો પર ફરી વળી હતી. આ ગંભીર દુર્ઘટનામાં ત્રણ લોકોનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

ટ્રક અકસ્માત બાદ 15થી વધુ લોકોને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે અમદાવાદની એલ.જી. હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. સમગ્ર ઘટનાની જાણ થતા કણભા પોલીસ દ્વારા અકસ્માત અંગેનો ગુનો નોંધી આ અંગે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દિવાળી પર્વ દરમિયાન અમદાવાદમાં આગ લાગવાના સરેરાશ રોજના 50 કોલ, એક વ્યકિતનું મોત

| (એજન્સી) અમદાવાદ, તા.27 |

દિવાળી પર્વ દરમિયાન અમદાવાદમા સરેરાશ આગ લાગવાના રોજના ૫૦ કોલ નોંધાયા હતા.આગમાં ફસાઈ જવાથી એક વ્યકિતનું મોત થયુ હતુ.અલગ અલગ કારણથી મકાનમા આગ લાગવાના ૪૦ તથા ફેકટરીમા આગ લાગવાના ૧૨ કોલ ફાયર વિભાગને મળ્યા હતા.મોટી દુર્ઘટના વગર તહેવાર સંપન્ન થતા તંત્રે હાંશકારો અનુભવ્યો હતો.




દિવાળીના તહેવારોને ધ્યાનમા રાખીને અમદાવાદ ફાયર વિભાગના સ્ટાફને સ્ટેન્ડ ટુ રાખવામા આવ્યો હતો.તમામની રજા રદ કરવામા આવી હતી.૧૮ ઓકટોબરથી ૨૩ ઓકટોબરની રાત સુધીમા ફાયર વિભાગને કુલ મળીને ૨૫૪ કોલ મળ્યા હતા. દિવાળી પર્વની રાતે ફાયર કંટ્રોલરુમના ફોન સતત રણકતા રહયા હતા.ફાયર વિભાગના સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, શહેરના વિવિધ વિસ્તારમાં જે પ્રમાણે ફટાકડા ફોડવામા આવતા હતા તેના કારણે કચરામા આગ લાગવાના સૌથી વધુ ૧૩૦ કોલ મળ્યા હતા.અલગ અલગ વિસ્તારમા આવેલા મકાનોમાં આગ લાગવાના ૪૦ તથા દુકાનોમા આગ લાગવાના ૧૯ બનાવ તહેવાર દરમિયાન બન્યા હતા.ફટાકડા પડવાથી વાહનોમા આગ લાગવાના ૧૩ બનાવ નોંધાયા હતા. અલગ અલગ વિસ્તારમા આવેલી ફેકટરીઓમા આગ લાગવાની કુલ બાર ઘટના બની હતી.આ પૈકી રિધ્ધિ સ્ટીલમા લાગેલી આગમા બે વ્યકિત દાઝી ગઈ હતી. આ પૈકી એક વ્યકિતને એલ.જી. હોસ્પિટલમા આઉટડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ હતી.જયારે અન્ય એક વ્યકિતને હોસ્પિટલ પહોંચાડાયો તે સમયે તે મૃત હાલતમાં હતો.તહેવાર દરમિયાન ગોડાઉનમા આગ લાગવાના ચાર બનાવ નોંધાયા હતા.

## હિંમતનગર સ્ટેશન પરથી 79 લાખનું એમ્ફેટામાઇન અને મેથામ્ફેટામાઇનનો જથ્થો જપ્ત, આંતરરાજ્ય ડ્રગ્સ હેરફેરની આશંકા







| (એજન્સી) અમદાવાદ, તા.27 |

અમદાવાદ રેલ્વે પોલીસે રવિવારે (26 ઑક્ટોબર) નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) ઍક્ટ હેઠળ એક મોટી કાર્યવાહીમાં હિંમતનગર રેલ્વે સ્ટેશન પરથી 79 લાખથી વધુની કિંમતનો એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સનો જથ્થો કબજે કર્યો છે. આ જથ્થો એક બિનવારસી બેગમાંથી મળી આવ્યો હતો. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આ ગ્રે રંગની સોલ્ડર બેગ સવારે લગભગ 9 વાગ્યે હિંમતનગર રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2/3 પર વીરભૂમિ એક્સપ્રેસ ટ્રેનના આગળના જનરલ કોચ નજીક મળી આવી હતી. રુટિન તપાસ દરમિયાન હિંમતનગર રેલ્વે આઉટપોસ્ટના હેડ કોન્સ્ટેબલનું સૌથી પહેલાં આ બેગ ઉપર ધ્યાન ગયું હતું. જોકે, કોઈ પણ મુસાફર બેગ લેવા આગળ ન આવતા, પોલીસે પ્રાથમિક તપાસ કરી અને તેમાં માદક પદાર્થ હોવાની શંકા ગઈ. ત્યાર બાદ આ અંગે તુરંત જ વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

પોલીસ પ્રોટોકોલ મુજબ, પંચ સાક્ષીઓ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી(FSL)ના અધિકારીઓને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. ટીમે બેગ ખોલી તો તેમાંથી કપડાં અને ખાખી સેલોટેપમાં લપેટાયેલા ત્રણ પેકેટ મળી આવ્યા હતા. FSL અધિકારી દ્વારા સ્થળ પર જ કરાયેલા ટેસ્ટમાં પુષ્ટિ થઈ કે, બે પેકેટમાં એમ્ફેટામાઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સ હતું, જ્યારે ત્રીજું પેકેટ નેગેટિવ આવ્યું હતું. ટ્રેનમાંથી મળી આવેલા આ જથ્થાનું વજન 792.11 ગ્રામ હતું અને બદારમાં તેની કિંમત 10,000 પ્રતિ ગ્રામ લેખે કુલ 79.21 લાખ હતી.

પોલીસને શંકા છે કે, આ માદક પદાર્થનો જથ્થો મધ્યપ્રદેશ અને રાજસ્થાન તરફથી લાવવામાં આવી રહ્યો હતો અને રેલ્વે પોલીસ દ્વારા પકડાવાના ડરથી અજાણ્યા વ્યક્તિઓ તેને છોડીને જ ત્યાંથી ભાગી ગયા હતા. કબ્જે કરાયેલા ડ્રગ્સના જથ્થાને સીલ કરીને NDPS ઍક્ટની માર્ગદર્શિકા મુજબ આગળની ચકાસણી માટે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ NDPS ઍક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને અમદાવાદ રેલ્વે પોલીસે તપાસ શરુ કરી છે. પોલીસનું માનવું છે કે, આ જપ્તી ટ્રેન દ્વારા થતી આંતરરાજ્ય ડ્રગ્સ હેરાફેરીની વધતી પેટર્ન તરફ ઈશારો કરે છે. હાલમાં આ કન્સાઈનમેન્ટના મૂળ અને તેના હેતુપૂર્વકના પ્રાપ્તકર્તાઓને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

